મેહ જેઠવો.

(ઐતિહાસિક નોવેલ.)

નવલ કથા.

રચી પ્રસિદ્ધ કરનાર.

[illegible]

ડા. [illegible] વિ. [illegible].

આવૃત્તી ૧ લી.

ઉપજાતિ.

[illegible]

[illegible]

અમદાવાદ

[illegible] પોળમાં

[illegible] પ્રીન્ટીંગ પ્રેસમાં

[illegible] છાપ્યું

કીમત આના પાંચ.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭.

૪૩૫

મેહ જેઠવો.

(ઐતિહાસિક નોવેલ.)

નવલ કથા.

રચી પ્રસિદ્ધ કરનાર.

પોરબંદરના રહીશ.

ઠા. કહાનજી વિ. માધવજી. રત્નગ્રાહી.

આવૃતી ૧ લી.

ઉપગીતિ.

ઉમદાઈ રત્નોની, પરીક્ષકો તુલના જાણે;
મુર્ખો સમજી ઉજ્વળ, કાચ તણીજ કીંમત આણે.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટિંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું

કીંમત આના પાંચ.

સંવત ૧૯૪૭ સને. ૧૮૯૧.

अर्पण पत्रिका.

મેહેરબાન શેઠ વશનજી પરમાણંદ ચા-
હેવાળાની પરમ પવિત્ર શેવામાં.

મુ૦ મુંબઈ.

વિજ્ઞપ્તિકે:—

જ્ઞાતિભિમાન ધારણ કરી, જ્ઞાતિની ચડતી થવાના સુ-
કાર્યમાં; તે બાબતના અંકુરથી અહોનિશ વર્તો
છો. તેમજ મારાપર કરેલ ઉપકારો, અને નિઃસ્વા-
ર્થ દ્રઢ પ્રીતિના પ્રવાહમાં લિન થઈ; આપનું
નામ આ લઘુ પુસ્તક સાથે જોડવા
ઈચ્છું છું. તે માન્ય કરશો.
એવી આશા રાખું છું.

પોરબંદર. તા૦ ૧-૯-૯૧

લી૦ આજ્ઞાંકીત સેવક.

ડા. કાહાનજી વિ. માધવજી રત્નચાહી.

ગ્રંથ કર્ત્તા.

પ્રસ્તાવના.

"કમળ–કાન્તા" નાટક બનાવ્યા પછી મારો વિચાર કોઈ ઐતિહાસિક નોવેલ બનાવવાને થયો. ધુમલીનું રાજ્ય ત્રુટયા પછી જેઠવાઓ ઉતરતા ઉતરતા પોરબંદરથી એક કોશને અંતરે "છાંયા" નામનું ગામ છે ત્યાં રાજ્યધાની કરી વસ્યા હતા. આ વાતને ઝાઝી ન લંબાવતા ફક્ત ગ્રંથોદયનીજ મનોવૃતી જણાવું છું. આ ગામમાં (છાંયા) મારૂં મોસાળ હતું જેથી ત્યાં હર વખતે આવાગમન થતું. એક વખત ઢેઢના બારોટ (તુરી) રાજા ભીખા પાસેથી સદરહુ જેઠવાનું જુજ વૃતાંત તથા થોડા દુહા સાંભળ્યા. જેથી તે બનાવાપર લક્ષ ચોટયું. આ બારોટને પુરા દુહા આવડતા નહોતા, જેથી બીજા દુહા મેળવવાનો પ્રયાસ કરવા લાગ્યો. કેહેવત છે કે "સાંભળ્યા કરતાં જોયું ભલું" તે નિયમોસર ધુમલી, આભપરો વિગેરે જોવા મન સાથે નક્કી કરી; શીવરાત્રીપર બિલેશ્વરનો મેળો ભરાય છે, તે વખતે ત્યાં ગયો. અને તમામ બાબતોથી જાણીતો થયો. કોઈ પણ ખેડુ અગર ભાટનો મેળાપ મારી સાથે થતો તો તેમને સદરહુ જેઠવાનુંજ વૃતાંત પુછતો. આમ બે ત્રણ માસે દુહાઓ ભેળા કરી પુસ્તક તૈયાર કર્યું. ભાટની તથા ખેડુઓની ભાષા અશુદ્ધ છે, તથા આ દુહાઓ બરડાઈ ભાષામાં, અને તે તેનો અર્થ સમજવો બહુ મુસ્કેલ હતો. માટે તેમાં ઘણો સુધારો વધારો તથા થોડા દુહા બનાવી પુસ્તકમાં દાખલ કર્યા. કેટલાક દુહામાં શબ્દ અશુદ્ધ હતા, તે ફરવ્યા નહીં કારણ કે તે ફેરવતાં તેનો રસ ભંગ થતો હતો. માટે કેટલેક ઠેકાણે તેનો અર્થ જણાવ્યો છે.

મારા કેટલાક મિત્રોએ મને પોરબંદરના હાલના મહારાણા સાહેબ સુધીનું જુજ વૃતાંત દાખલ કરવા કહ્યું. જેથી ગુજરાત રાજ્યસ્થાન તથા મારા પરમ સ્નેહી મિત્ર વાઘોડા દરબાર જેઠવા પુંજાજી વિ. ગોવાભાઇની મદદથી તે કૃત્યમાં પાર પડ્યો. છેવટે લખવાનું કે પરમ દયાળું પરમેશ્વર મને બીજી આવૃતીનો વખત બતાવશે તો હજુ પણ તેની વધારે સુધારા સહીત ન્યુ આવૃતી બહાર પાડીશ.

આ પુસ્તકમાં જે સાહેબોએ અગાઉથી આશ્રય આપી નામો ભરાવ્યાં છે. તેઓનો તથા શેઠ. ચત્રભુજ દેવકરણ ઘણી બાબતોમાં મદદ આપે છે માટે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ગ્રંથ કર્ત્તા.

૪૮૩૬

મેહ જેઠવો.

(નવલ કથા.)

પ્રકરણ ૧ લું.

જેઠવાઓની ઉત્પત્તિ.

૪૮૯૬

"ચિંતા અતિ ઉર માંહી, ગુમ નિઃસ્વાસ નાંખે;"
"જળ સરિતા[1] ઓધ્ધો, ઝરણાં ઝરતાંજ આંખે."
"પુની[2] પુની કહે અરેરે, નીર ચૂતાંજ [3]સાહી;"
"કપી પતી કહે સમજાવી, કર નહીં એમ બાઈ."
"તું માતા સુખદાતા, રે વિધાતા વિશ્વ કેરી;"
"વ્યતીત[4] કર દુખ મનનું, રણુ ભૂએ મારીશ વેરી."
"કુંચન પુરી દધીમાં, ડુબાડું કહો તો;"
"પ્રજાળું નીસીચર સહીત, આજ્ઞા દીઓ તો."
"શુણી વચનો આવાં, ખરો પરાક્રમી વીર તું છો;"
"જનમ્યો જે વખતે રવી, ફળ જાણી મુખ લીધો અહો હો."
"અડકે છે આ [5]નભને, જોને પુચ્છનું ગુચ્છ તારૂં,"
"તેમજ વંશ વૃદ્ધિ, થાશે વચનાજ મારૂં."
"શૂણી વચનો હશી કપી, કહે વચગાં પૂકારી,"
"નહીં નહીં માહા[6] તારી, બાળ હું બ્રહ્મચારી."

પૂર્વે સત્યયુગમાં દક્ષિણ મધ્યે સમુદ્રથી વિંટાએલી,

---

૧ નદી. ૨ ફરી ફરી. ૩ થોભી. ૪ વીસારવું. ૫ આકાશ. ૬ માતુશ્રી.

કુબેરની અતિ પ્રિય, અને નિશાચરોથી (રાક્ષસો) શોભિતી લંકાના, એક અશોક વનમાં, પતિથી વિહોએલી, નીસાચરોથી દુખી થએલી, જગત જનુની, જનકપુરીના જનક રાજાની પુત્રી, અયોધ્યાના સૂર્યવંશી મહારાજા દશરથના પુત્ર શ્રી રામચંદ્રની અર્ધાંગના, મહા દુખથી ઘેરાઈ ઉંચે સ્વરે રૂદન કરતી હતી. સાયંકાળના અતિ રમુજી વખતમાં આકાશનું તામ્રવર્ણુ સ્વરૂપ જોઈ તેને અગ્નિ માની કેહેવા લાગી, હે દેવ!! મારૂં રક્ષણ કરો!!! આ રાક્ષસોના સમુદાયથી મુક્ત કરો!! કદી તેનાથી મુક્ત કરવાની શક્તિ તમારામાં ન હોય તો મારી માથે તમારી વૃષ્ટી થાઓ!! કે જેથી તેમાં પડી બળી મરૂં. આટલું કરગરતાં છતાં તમો દયાહીન થાઓ છો કેમ? આટલું બોલી રહી નહીં તેટલામાં તો, એકાએક ઉંચેથી તેના ખોળામાં એક મુદ્રીકા પડવાથી, તેને હાથમાં લેઈ પુનઃ પુનઃ નીરખ્યાં કરે છે, તેને છાતી સાથે દાબી ચક્ષુરૂપી પહાડમાંથી અશ્રુરૂપી સરીતા વેહેવરાવી મહા દુખકારક રૂદનથી શોક કરવા લાગી. મુખારવીંદમાંથી મોટી ચીશો પાડી હે પ્રીય! હે રામ! આવો ઉચ્ચાર કરવા લાગી.

આ સતી સ્ત્રીને અહીં કોણ લાવ્યું હશે? અને શાથી રાક્ષસના કબ્જામાં આવી? તથા ઉપર વાંચવામાં આવ્યું છે કે, "સૂર્યવંશી દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્રની અર્ધાંગના" તો તે આવા મહા પરાક્રમી સૂર્યવંશી રામચંદ્ર જેવા પતી છતાં તે તેનાથી જુદી શી રીતે થઈ? વળી તેના ખોળામાં મુદ્રીકા નાંખનાર કોણ? વિગેરે વિગેરે બાબતોથી પ્રીય વાંચકો તમે અજાણ તો નહીં હો? તો પણ તેનું સંક્ષેપ વૃતાંત નીચે આપું છું.

પૃથ્વીપર મહા દુષ્ટ નીસાચરોનું પ્રબળ થવાથી, તે દુષ્ટો દેવતાપર દુ:ખરૂપી વર્ષાદ વરસાવા લાગ્યા, યજ્ઞ અને દેવ પૂજન બોટા ધર્મોધ થઈ અટકાવ્યા, અને ઈંદ્ર, વરૂણ, વિરંચી, કુબેર આદી દેવોને બંદીવાન બનાવ્યા, પૃથ્વીપર ગોવધ આદી અતિ ઘોર કૃત્યો કરવા લાગ્યા, અને દેવતાની સ્ત્રીઓનું હરણ કરવા લાગ્યા. આથી કંટાળાને પ્રાપ્ત થઈ, સર્વ દેવ મંડળ ભેળું થઈ ક્ષીર સાગર પ્રત્યે જ્યાં દધીસુતા સહવર્તમાન શેષની સય્યા પર શ્રીપતી, એવા નારાયણ સુતા છે ત્યાં ગયા. દેવતાઓએ દીનતાથી સર્વ હકીકત કહી સંભળાવી. ત્યારે ત્રાંબા વર્ણ નેત્રો કરી હુંકાર-કરી, દેવતાને ધીરજ દેતા પરમાત્મા બોલ્યા. હે દેવો! તમોને તે દુષ્ટથી થોડા દિવસમાં મુક્ત કરૂં છું. તમારે મારી સહાયતા કરવા વાનરો અને રીંછો થવું. હું અયોધ્યા મધ્યે સૂર્યવંશી રાજા દશરથને ત્યાં જન્મ લઈ, અને દુષ્ટોનો વધ કરીશ. આવાં વચન સાંભળી દેવતાઓ બહુ પ્રફુલ્લિત થયા. અને જય જયનો પોકાર કરી કુસુમની વૃષ્ટી કરી ચાલતા થયા.

અયોધ્યાના સૂર્યવંશી દશરથ રાજાને કૌસલ્યા, સુમીત્રા અને કેકઈ નામની ત્રણ સ્ત્રીઓ હતી. તેમાં કૌસલ્યાને ત્યાં ચૈત્ર સુદ નવમીને દિવસે રામચંદ્રજીએ અવતાર લીધો. તેમજ તેજ દિવસે સુમીત્રાને લક્ષમણ અને શત્રુધન અને કેકઈને ભરત. એવે નામે પુત્રો થયા. યોગ્ય ઉમરે પહોંચ્યા એટલે વિશ્વામિત્ર નામના મહર્ષી ત્યાં આવ્યા, અને યજ્ઞ રક્ષણ માટે રામ ને લક્ષમણની માગણી દશરથ રાજા પાસે કરી. આ માગણી તેણે દિલમાં સંકોચાઇ કબુલ કરી; કારણ કે રામ ને લક્ષ્મણ તેમને બહુ પ્રીય હતા. રામને

લક્ષ્મણને સાથે લઈ વિશ્વામિત્ર ચાલતા થયા. રસ્તામાં ત્રીજટા નામની રાક્ષશીનો વધ કરી સ્વસ્થાનકે પહોંચ્યા, અને યજ્ઞનો આરંભ કર્યો. હજુ યજ્ઞનું અરધું કામ પણ સમાપ્તિ પામ્યું નહીં, તેટલામાં તો મારિચ અને સુબાહુ નામે મહા વિક્રાળ રાક્ષસોએ આવી યજ્ઞ ભંગ કરવા લાગ્યા. રામચંદ્રજીએ રાક્ષસના સૈન્યનો મહા દારૂણ યુધ કરી સંહાર કર્યો, અને સુબાહુને મસ્તક રહિત કરી મારિચને બાણનું થોથું મારી સમુદ્ર પાર કર્યો. કેટલાક દિવસ રહ્યા બાદ જનકપુરીના વિદેહી રાજા જનકે પોતાની પુત્રી સીતાનો સ્વયંવર મંડપ રચ્યો હતો; તેનું આમંત્રણ આવવાથી ત્યાં ગયા. સ્વયંવર મંડપમાં શીવજીનું મહા કઠોર ધનુષ્ય ભાગી, દેશ દેશના રાજાઓને ક્ષોભ પમાડી રામચંદ્ર સીતાને લઈ અયોધ્યામાં આવ્યા. પોતાની વૃદ્ધાવસ્થા છે માટે રામચંદ્રને ગાદી આપવી, એવો દશરથ રાજાએ વિચાર કર્યો, અને બીજે દિવસે ગાદીએ બેસાડવા નક્કી કર્યું. આ ધામધુમ ચાલી રહી છે તેવામાં દશરથ રાજાની કેકઈ નામની સ્ત્રિને તેની મથુરા નામની નીચ દાસીએ ઉંધું ચીતું સમજાવી; રામને વન તપ્ત અને ભરથને રાજ્ય તપ્ત આપવું એવો વિચાર ઠસાવ્યો. સાયંકાળે રામને ગાદીએ બેસાડવાની વધામણી દેવા દશરથ રાજા ગયા; ત્યારે રામને વનવાસ દેવાનું વચન માગી તેને ચીંતાતૂર કર્યા. રાતની રાત શોકને તાબે થઈ મુર્છામાં ગાળી, પણ હઠીલી કેકઈએ પોતાની વાત ફેરવી નહીં. આ વાતની પ્રાતઃકાળે રામચંદ્રને ખબર થતાં પિતા પાસે વનમાં જવા રજા માંગવા ગયા. પુત્રના વનમાં જવા બાબતના વચન સાંભળી રાજા પુનઃ મુર્છાને પ્રાપ્ત થયા; અને ત્યાંથી રામચંદ્રજી કૌસલ્યા પાસે ગયા.

પુત્રનું વનમાં જવું સાંભળી કૌસલ્યા અતિ રૂદન કરતાં પૃથ્વીપર પડ્યાં એટલામાં સીતાજી અને લક્ષ્મણજીને ખબર થતાં તેઓ વીહવળ થઇ અત્રે દોડી આવ્યાં. અને ત્યાં ઘણા આક્રંદથી સર્વે રૂદન કરવા લાગ્યાં. છેવટે રામચંદ્રજીની સાથે સીતાજીએ અને લક્ષ્મણે આવવા માગણી કરી. આથી કૌસલ્યા બહુ ખેદકારક રૂદનથી રામને વનમાં જવા ના પાડી; પણ પિતાના વચનનું ઉલંઘન ન કરવું. એવો માતાને બોધ કરી રામચંદ્રજી સીતા અને લક્ષ્મણને સાથે લઈ રવાના થયા. પાછળથી રામના વિરહથી તેના નામનું રટણ કરતા દશરથ રાજા મૃત્યુ પામ્યા. વનમાં અનુજ અને સીતા સહઃવર્તમાન રઝળતાં, અસહ્ય દુખો વેઠતાં, રૂષિઓ અને ભક્ત જનોને દર્શન આપી આનંદ પમાડતાં, હળફેટે આવતા નીસાચરોનો વધ કરતા રામચંદ્રજી ગોદાવરી નદી પાસે આવેલું પંચવટી નામના અતિ રમણીક વનમાં પહોચ્યા, અને ત્યાં પર્ણકુટી કરી નિવાસ કર્યો. એક વખત સીતા રામચંદ્ર અને લક્ષ્મણ આનંદથી વન ક્રીડા કરતાં બેઠાં છે, તેટલામાં એક તરૂણ, મુગ્ધા, યોવનના મદમાં છકેલ, રંભાને પણ લજ્યા પ્રાપ્ત કરે એવી સ્ત્રી ત્યાં આવી. તે મંદહાસ્યથી બોલી. અહો ! રાજકુમારો, હું આખું જગત ફરી વળી; પણ કોઈ રાજપુત્ર મારા વરવા યોગ્ય દીઠો નહીં. આથી હું બ્રહ્માને ધીક્કારતી હતી, કેમકે તેણે કોઈ પણ પુરૂષ મારા યોગ્ય ઘડયો નહી; પણ આજે હું આપને અહીંઆં બેઠેલા જોઈ, મારો ગર્વ છોડું છું; અને બ્રહ્માને શાબાશી આપું છું કે જોડ તો મારે માટે સારી બનાવી. હવે મારૂં કહેવાનું એટલું છે કે તમે મારી સાથે પાણી ગ્રહણ કરો. રામચંદ્રજી આ ત-

માગ વાત સાંભળી હસીને કેહેવા લાગ્યા, કે મારે એક પત્નીવ્રત છે; તો બીજી શી રીતે થઈ શકે? મારો આ લઘુભાઈ લક્ષ્મણ છે તેની પાસે જા ફરીને લક્ષ્મણ પાસે જઈ આગજ કેહેવા લાગી, પણ તેના બોલનો સ્વીકાર કર્યો નહીં. આ સ્ત્રિ કોઈ રાજપુત્રી હતી નહીં; પણ લંકાપતી રાવણની બેહેન સુર્પનખા હતી. પોતાના બોલનો અનાદર થાય છે, આવું વિચારી એક મોહોટી ચીશ પાડી વિક્રાળ સ્વરૂપ ધારણ કર્યું. અને રામચંદ્ર સામી દોડી, કે તુરત લક્ષ્મણે ઉઠી શીરોઈ કાઢી તે શંખણીના નાક કાન કાપી નાંખ્યા. આથી ભય પામી ભાગી, અને પોતાના ભાઈ ખર, દુખર અને ત્રીશીરાને લઇ યુધ્ધ કરવા આવી. રામચંદ્રજીએ તમામ રાક્ષસોનો વધ કર્યો જોઈ સુર્પનખા નાશી લંકા ગઈ. અને રાવણ પાસે તમામ હકીકત નીવેદન કરી. વિષેશમાં કહ્યું કે એ રાજકુમારો સાથે એક મહા રૂપવંતી સ્ત્રી કે તારી એટલી રાણીઓ અને દેવતાની દેવાંગનાઓ તેની પાસે દાસી થઈ રહે એવી સ્વરૂપવાન છે. આથી રાવણનું મન તે સ્ત્રીનું હરણ કરવા તરફ દોડયું. મારીચ નામના પોતાના મામાને હેમમુખી હરણ કરી પંચવટી ગયો. સીતાજીએ આવું મનોહર હરણ જોઈ રામચંદ્રજીને તેને મારી લાવવા વિનંતી કરી. સીતાના વચનનો સ્વીકાર કરી, ધનુષ્ય બાણ લઈ રામચંદ્રજી હરણ વાંસે દોડ્યા. થોડો વખત ગયાબાદ "લક્ષ્મણ દોડ" આવી અચાનક ચીશ પડવાથી, સીતાજીએ રામચંદ્રજીની સાહાયતા માટે લક્ષ્મણને ઘણુ સમજાવી મોકલ્યા. પાછળથી દુષ્ટ બુદ્ધિવાળા રાવણે યોગીનું સ્વરૂપ ધારણ કરી, છળથી જનક પુત્રીનું હરણ કરી; લંકા લઈ ગયો. અને પોતાને તાબે થવા બહુ

વિધીથી સમજાવા લાગ્યો. પણ જગત માતા સીતાજીએ તેને ધીક્કારી કાઢયો. રાવણે તેને એક માસમાં તાબે કરવા ત્રીજટા નામની રાક્ષશીને અશોક વનમાં સોંપી તે વખતે ચાલતો થયો.

પાછળથી રામ અને લક્ષ્મણ હરણને મારી સ્વસ્થાનકે આવ્યા, તો સીતાને દીઠી નહીં. જેથી ચિંતા કરતા, શોધ કરતા કરતા કિસ્કીંદા પર્વતપર આવ્યા. ત્યાં સુગ્રીવ અને હનુમાન આદી વાનરો સાથે મિત્રાઈ કરી, અને સુગ્રીવના ભાઈ વાળી નામના વાનરને મારી તેનું તખ્ત તેને સોંપી ત્યાં રહ્યા વર્ષા રૂતુ ગયા બાદ સીતાજીની શોધ માટે હનુમાન આદી કપીઓને મોકલ્યા, હનુમાન સમુદ્ર ઉલંધી લંકા ગયો, અને જનક પુત્રીની શોધ કરતો કરતો અશોકવનના રમણીક વૃક્ષો સુધી આવી પહોચ્યો.

આ વૃક્ષ નીચે સીતાજીનું આક્રંદ સાંભળી, રામે આપેલી મુંદ્રીકાની એંધાણી તેણે તેના ખોળામાં નાંખી.

પોતાના પ્રીયની મુંદ્રીકા જોઈ સીતાજી અજાએબ થયાં. અહીં કોણ લાવ્યું હશે! એવા સંકલ્પ વિકલ્પમાં ગરકાવ થતાં, છેવટે મોટ્ટા અવાજે બોલી ઉઠયા કે આ મુંદ્રીકાનો લાવનાર મારી દ્રસ્ટી સમક્ષ થાઓ! નહીંતર બાળી ભસ્મ કરૂં છું. આ બોલ સાંભળી હનુમાન તુરત પોતાને સ્વરૂપે સામો ઉભો. રામે મોકલેલો સંદેશો કહ્યા બાદ પોતાને બહુ ભુખ લાગી છે તેથી સીતાજીની આગ્ના લઈ ફળહાર કરવા લાગ્યો. ઝાડોને થડ મૂળથી ઉખેડી સમુદ્ર તરફ ફેંકવા લાગ્યો. આવું જોઈ રાવણના દુતો તેને મારવા આવ્યા, પણ ઝાડોવતી તે દુષ્ટોનો સંહાર કર્યો. આ ખબર રાવણને પડતાં પોતાના પુત્ર અક્ષય કુમારને તેનો

નાશ કરવા મોકલ્યો. પણ તે તો જેવો આવ્યો તેવોજ મ-
રાયો. પોતાનાં પુત્રનું મરણ થયું સાંભળી રાવણને અતિ
ક્રોધ ચડગો, અને જેષ્ટ પુત્ર ઇંદ્રજીતને ભાઈનું વેર લેવા
મૂકયો. ઈંદ્રિજીતે નાગપાસથી હનુમાનનું બંધન કર્યું, અને
રાવણની સભામાં આણ્યો રાવણે તું કોણ છે? એવો પ્રશ્ન
કર્યાથી, હું રામચંદ્રનો દૂત છું, અને સીતાની શોધ માટે
આવેલો છું એવો પ્રત્યુત્તર હનુમાને કર્યાથી; પુત્રનો વધ
કરનાર અને શત્રુનો દૂત જાણી રાવણે તેનું પૂછડું બાળી
નાશ કરવા હુકમ કર્યો. નગર વાસીયો અને રાજ્ય મંડ-
ળના તમામ અધ્યક્ષ ગામ બહાર આવી રાવણના હુકમ-
ને તાબે થઈ તેમ કર્યું આથી હનુમાન ઘણો ખુશી થયો,
અને ઠેકા મારતો શેહેરમાં જઈ તમામ મકાનોને આગ
લગાડતો આગળ ચાલ્યો. તમામ શેહેર બાળ્યાબાદ લંગુર
ઠારવા સમુદ્ર કિનારે ગયો, અને લંગુર ઠાર્યું. તે વખતે
શરીરમાં બહુ પસીનો વળવાથી, તે પસીનાનું એક બીંદુ
સમુદ્રમાંની એક મગડીના પેટમાં જવાથી તેને ઓધાન ર-
હ્યું એ ઓધાનથી જેઠવાઓના મૂળ પુરૂષ મકરધ્વજ થયા.
આ મકરધ્વજને મહા પરાક્રમી જોઈ રાવણના મિત્ર અ-
હીરાવણે પોતાનો સૈન્યાધિપતી કરી તેને પોતાની પાસે
રાખ્યો. જ્યારે શ્રી રામચંદ્ર રાવણ સાથે યુદ્ધ કરવા આ-
વ્યા, ત્યારે રાવણની ભલામણથી અહીરાવણ રામ અને
લક્ષ્મણનું હરણ કરી ગયો. જેથી હનુમાનજી તેને છોડા-
વા ગયા ત્યારે તેને પોતાના પુત્ર મકરધ્વજ સાથે યુદ્ધ થ-
યું; તે વખતે મકરધ્વજે કહ્યું, અલ્યા કપી તું મારી સા-
મેથી ચાલ્યો જા. કારણ કે હું મહા પ્રતાપી પવન પુત્ર
હનુમાનનો પુત્ર છું જેથી તું મને નહીં પહોંચે એવા વાદ

વિવાદમાં પોતાના પુત્રની પીછાન પડવાથી અહિરાવણને મારીને બાદ રામચંદ્રજીએ તેને તેની ગાદીએ બેસાડયો. પોતાની વૃદ્ધાવસ્થા થવાથી પાટવી કુમાર મોરધ્વજને રાજ્ય સોંપી બાકીનો વખત તપસ્યામાં ગાળ્યો. મોરધ્વજ પછી તામરધ્વજ, નીલધ્વજ, હંસધ્વજ, જેઠીધ્વજ, અને જાંબુધ્વજ થયા. જાંબુધ્વજ પછીના રાજાઓએ ધ્વજને બદલે કુમાર પદવી ધારણ કરી. તેઓમાં સેંસમાલ કુમાર અને સેંસમાલથી નવમી પેડીએ ઉતરતાં શીળ કુમાર થયા. તેણે ધુમલી વસાવી ત્યાં રાજ્યધાની કરી, અને આભપરા શિખરપર કાશોબાર, કાછેલું, કુંજન એ ત્રણ તળાવો બંધાવ્યાં. ઉપરના રાજાઓની રાજ્યધાની મચ્છુકાંઠાનાં મોરબીમાં હતી. મકરધ્વજથી એકસો નવમી પેઢીએ રાણા સંગજી થયા, અને સંગજી પછી ભાણજી, અને તેની પછી શીઓજી થયા. આ શિઆ રાણાના પરાક્રમ ઘણાં નિચ છે. તેને હાલામણ નામનો મહાપ્રતાપી પુત્ર થયો. આ વાત કાઠિયાવાડી પ્રજામાં દુહાથી મશહુર છે. એટલે અહીં દાખલ કરતો નથી. હાલામણ પછી તેનો પૂત્ર ભાણજી ગાદીએ બેઠા. અને તેની પછી આ પુસ્તકનો નાયક પાટવી કુમાર મેહજી (મેહ જેઠવો) થયા આમ બારોનું કેહેવું છે.

પ્રકરણ ૨ જું.

ભેદ ભરેલું હરણ અને રાણાજીનું શિકારે જવું.

ઢાંગો—આ નામનો ડુંગર કે જે ઘણો ઉંચો છે, જેના શિખરોમાંથી પાણીનાં ઝરણાં ઝરે છે, ઝરણાંના પાણી ઝરતાં હોવાથી પાણીનો અવાજ વારંવાર સંભળાય છે, આસ-

પાસ નાના પ્રકારના ઝાડો જેવાં કે ચારોળી, ચંપા, ચંદન, મૃગી, અરણી, મરેઠી, આંબલી, આવળ, અગથિયા, અને એખરાઓનો તો પારજ નથી. વળી કદળીસ્તંભ, શેલડી, લવીંગ, લલિત, લીંબુ, કેરી, નારંગી, ફોફળી, ફારસી, ખજુર, ખારેક, પિપળા, પિપળ, વડ, દાડમ, દ્રાક્ષ, કુમુદની, ચીનકબાળા, અને કેળોનાં ઝાડ સુસવાટા મારી રહ્યાં છે, નાના પ્રકારનાં પુષ્પો વાંકા વળી રહ્યાં છે, મોગરો ગરડાઈ રહ્યો છે, ગુલાબ જો કે ઉનાળાની રૂતુ ઉતરવા આવી છે. તોપણ પોતાના પ્રફુલિતપણાના ગદમાં ખીલી રહ્યો છે. દરેક પુષ્પો ગાથે મધુકર પ્યારમાં લુબ્ધાઈ તેની માથે ગુંજાર શબ્દ કરી રહ્યા છે, પક્ષિઓ પોતપોતાના માળામાં કલ્લોલ કરી રહ્યા છે, જળાશય જગ્યાઓમાં વરાહ, વાઘ, નારડાંઓ, મૃગ અને રિંછનાં ટોળાં ફરતાં જોવામાં આવે છે, વાંદરાઓ આ ઝાડથી પેલે ઝાડ અને પેલે ઝાડથી બીજે ઝાડે કૂદકા મારી રહ્યાં છે, કેટલાંક ઝાડની ડાળોમાં પૂછડાં વિંટી હિંચોળા મારી રહ્યાં છે, વળી સાબરના જુથ, સસલાનાં ટોળાં, જેનું વર્ણન થઈ શકે નહીં એવાં જાતજાતના પક્ષિઓ ફરે છે. એવામાં એક સુશોભિત મૃગ ઘણા જોરથી દોડતો, કૂદકા મારતો, અને હાંફતો આ અઘોર વનની અંદર દાખલ થયો. આ સ્થળે તે એકદમ ધીમે પડયો. કારણ કે ઝાડોની ગીચ અને ઘણા ગાઉથી દોડેલો, તેથી આવતાં જેવો તે ઉભો રહયો તેવોજ બાણ વાગવાથી ઘુમરી ખાઈ મોટી ચીશ પાડી પૃથ્વી ઉપર પડયો. આ હરણ વિષે એક દંત કથા ચાલે છે, તે પણ અહીંઆં દાખલ કરૂં છું.

પાસેના ગામમાં બે ચાર વરસપર દાણાનો ઉપદ્રવ

ઘણો થયાથી ગામમાં વસનારા વ્યાપારી લોકોએ ઘણા દાણાનો સંગ્રહ કર્યો. તે વરસ દિવસ સુધી વેચ્યા તોપણ ખૂટયા નહીં. જેથી બધાએ મળી વિચાર કીધો કે આપણા અપાસરાના ગોરજી માણેકચંદજી પાસે વરસાદ બંધ કરાવીએ. અગર તેમ કોઈ પણ રીતે વરસાદ બે વરસ સુધી ન થાય તો આપણા દાણાનો ખપ જાગે, અને મન માનતા દામ પેદા થાય. આવી રીતે વિચાર કરી, તેઓ ગોરજી પાસે ગયા. ગોરજીએ વરસાદ બંધ કરવા તેઓને કબૂલાત આપી, પોતે અરણ્યમાં જઈ એક હરણનાં બચ્ચાંને પકડી લાવ્યો. તેનું શિંગડું કોતરી, તેમાં મંત્રની ચીઠ્ઠી નાંખી શિંગડાના કોતરેલા ભાગમાં લાકડાનો દાટો મજબૂત બેસાડીને હરણને એક કોટડીમાં પૂરી રાખ્યું. આથી તે સાલમાં વરસાદ બિલકુલ થયો નહીં.

એક વખત ભાગ્ય જોગે તે ગોરજીનો એક શિષ્ય, કે જે આ વાતથી અજાણ હતો; તેણે તે કોટડી કોઈ કારણસર ઉઘાડી, કે તેવોજ પેલો હરણ ઠેક મારી પાસેના જંગલમાં નાશી ગયો. આ વાતની ગુરૂજી નિત્યના નિયમ પ્રમાણે તેને ચારો નાંખવા ગયા તો હરણ દીઠું નહિં. ત્યારે શિષ્યને પૂછતાં બનેલી હકીકત ગુરૂને સવિસ્તર કહી સંભળાવી. આવું સાંભળી ગોરજીએ ઘણો અપસોસ કર્યો, અને સિસ્યને ઘણોજ ઠપકો દીધો કે જ્યાં સુધી તે હરણ મરશે નહિં, ત્યાં સુધી વરસાદ બિલકુલ થશે નહીં.

પેલો હરણ વનમાં બાણ વાગવાથી ઘુમરી ખાઈ ચીશ પાડી પૃથ્વી ઉપર પડયો હતો. તેને બાણ મારનાર કોણ હતો ! તે એક ઘોડેસ્વાર જેની ઉમર પચીસ વરસની હતી, તેના અંગ ઉપર ઘણીજ ઉંચી કીંમતનો પો-

શાક શોભી રહયો છે, તેને જમણે ખંભે ધનુષ્ય અને ડાબે ખંભે શિરોઈ લટકાવેલી હતી. પીઠપર એક મોટી અને સુશોભીત ઢાલ અને બાણોનું ભાથું બાંધેલાં હતાં. તેહેના ચેહેરાની કાન્તી જોતાં જાણે બીજો કામદેવ હોયની? પ્રીય વાંચકો તમોને મારે જણાવવું જોઈએ કે આ સ્વાર તે આ પુસ્તકનો નાયક ધુમલીનો માહારાજા મેહ જેઠવો હતો. તેણે પોતાની કચેરી ભરી પોતાના બહાદુર સામતો તથા ભાયાતો બેઠા હતા, ગુણીજનો તેનાં ગુણનાં કવિતો બોલતા હતા, નાયકાઓ પોતાની સંગત કળાઓથી મહારાજનું મન પ્રસન્ન કરતી હતી, તેવામાં મહારાજાએ શિકારે જવાની મનોવૃતી જણાવી. અને પાંચસો ઘોડેસ્વારોને તૈયાર થવા હુકમ આપ્યો. ભાયાતો તથા સામતો આદી ઘોડા ઉપર પાખરો નાખી, બખતર પેહેરી, સજ્જ થયા. ચોબદારના લલકારા સાથે નિસાનના અવાજ થવા લાગ્યા. આવી રીતે પાંચસો માણસને સાથે લઈ મેહ જેઠવો શિકારને માટે તત્પર થયા. તે વખતે નોબતો મોટે અવાજે વાજી રહી, સરણાઈ પોતાના મધુર સ્વરની નગારાના ધ્વની સાથે હરિફાઈ કરવા લાગી, રણતુર શુરાઓને ઉસ્કેરવા તૈયાર થઈ, શુરાઓ પોતાના હથિયારો સજ્જ કરી ઘોડા કૂદાવતા આગળ ચાલ્યા. આવી રીતે સર્વ સૈન્ય ચાલતાં ધુમલીથી ત્રીશ કોશને અંતરે એક અઘોર વનમાં દાખલ થયા રાણાજીએ પોતાના સામતોને હુકમ સંભળાવ્યો કે મહારા બહાદુર સરદારો તમારે શીકાર કરતાં પેહેલાં યાદ રાખવું કે, જેના ઘોડા નિચેથી હરણ પસાર થાય, તે હરણને મારી લાવે. સર્વે એ વાત કબુલ કરી. થોડો વખત ગયા બાદ એક હરણ ઘણા જોશભેર દોડતો આવતો માલુમ પડયો. સર્વે

પોત પોતાના ધનુષ્યપર બાણુ સજ્જ કરી તેને મારવા તૈ-આર થયા. ભાગ્યજોગે હરણુ એટલાં બધાં માણસોને એકા એક જોવાથી વિહવળ થઈ સુસવાટ ભર દોડી રાજાના ઘોડા નિચેથી નીકળી ગયો. આવું જોઈ મહારાજા પોતા-ના સામંતોને પડતાં મેલી હરણુની પાછળ એકદમ ઘોડો દોડાવ્યો ઝાડોની ગીચ અને સૂર્ય અસ્ત થવાથી મહારાજા ભૂલા પડયા, પણુ તેના સારા નશિબે શુદનું પખવાડીઊં હોવાથી ચોરનો રિપુ ચંદ્રમા પોતાની પૂર્ણ કળાથી પ્રકાશ-માન થયો જેથી રાણાજીએ ધીરજ રાખી પોતાનો ઘોડો તે-વાજ વેગથી ચલાવવા લાગ્યા છેવટે મધ્ય રાત્રીનો સમય થયો એટલે એક ગીચ વૃક્ષની ઝાડી આડી આવી જેથી હરણુનું શિંગડું તેમાં ભરાતાં રાજાએ એકદમ તેની નજ-દીક આવી બાણુનો પ્રહાર કર્યો. જેમ રાફડામાં જવાને ભો-રિંગ ઘણા વેગથી દોડી રાફડાની અંદર જાય છે, તેમ આ વિજળી સરખું બાણુ સુસવાટી કરતું હરણુ તરફ તેના પ્રા-ણુ લેવા દોડયું. ચંદ્રમાના તેજને લીધે વર્ષાદ રૂતુમાં ઘટ થએલ વાદળામાંથી દામની ઉત્પન્ન થઇ વાદળામાં પેસી જા ય, તેમ તે બાણુ હરણુનાં મસ્તક વિષે લાગતાં એકદમ એક મોટી ચિશ પાડી પૃથ્વીએ પડયું*આવું જોઈ રાણા-જી ઘણાં ખુશી થયા, કે જેટલી મેહેનત કરી તે ફોકટ ન

---

* દંત કથા એવી પણુ ચાલે છે કે જ્યાં હરણુનું શિંગડું. પડયું ત્યાં શિંગડું ગામ વસ્યું અને જ્યાં હરણુ-નું શિંગડું ફાડયું ત્યાં ફટાણું વસ્યું; પણુ આ વાત અ-સંભવિત છે. કારણુ કે ઠાંગો (ઠાંગી) આ નામનો ડુંગર ઝાલાવાડમાં આવ્યો. એ પર્વતમાંથી ઘણું કરી લીંબડીનો ભોગાવો નીકળે છે.

ગઈ એવો વિચાર કરે છે, તેવામાં એકાએક વાદળ ઘમઘોર થઈ ગયું. વિજળીના ઝબકારા થવા લાગ્યા, મયુરો ટિહુ ટિહુ શબ્દથી મેઘરાજાને બોલાવા લાગ્યા, મેઘરાજા ગર્જના કરી રહ્યા, દાદુર અને બપૈયા બોલવા લાગ્યા, અને ગર્જના સાથે મેઘરાજા એકાએક તુટી પડયા. પાણીના ઘોરીયા ચાલવા લાગ્યા, જેમ કોઇ કુલીન સ્ત્રિ પોતાના શ્વસુર યા પતીને આવતા જોઈ ઘુમટો તાણી લેછે, તેમ પૃથ્વી માતાએ નિલાશ રૂપી ચુંદડી ઓઢી લીધી. વેલ્લીઓ પ્રેમને આધિન થઇ, વૃક્ષોને બાથ ભીડી પોતાના આઠ માસના વિયોગી પતીને મનાવા લાગી. મેઘના બિંદુ વરસાદના વેગથી નદિઓના કિનારા ઉપરાંત પાણી ભરાવાથી તેનો પ્રવાહ છલકતો દેખાવા લાગ્યો, તમરા અને દેડકાં બોલી ઉઠયાં, અને બપૈયા પિયુ પિયુ એવો ઉચ્ચાર કરી રહ્યા. આવા વખતમાં મહારાજા મેહ જેહવો અસહ્ય વરસાદ પડવાથી અશ્વ માથે બેશુદ્ધ થયા તેની છાતી ધ્રુજવા લાગી. શરિરનાં રૂવેં રૂવાં ઉભાં થઇ ગયાં, મુખાર્વિંદમાંથી સુસવાટી નીકળવા લાગી, શરિરે હુંફ વળી ગઈ, અને પ્રાણ બ્રહ્માંડે ચડી ગયા, અહા! પરમેશ્વરની ગહન ગતિ છે! તે પલમાં ચાહે સો કરે!!! થોડો વખત ગયા બાદ વરસાદ જરા કમી થયો. ઘોડામાં પણ હાલવા ચાલવાની શક્તિ રહી નહિ, તેથી આડે અવળે રસ્તે ચાલતાં ચાલતાં એક નેશ નજીક આવી પહોંચ્યા.

પ્રકરણ ૩ જું.

ઢાંગાનો નેશ.

ઢાંગા ડુંગરના એક નેશમાં પાંચ સાત પુરૂષો ઢુંગા

ભરી બેઠા છે, તેઓ અચાનક વર્ષાદ આવવાને લીધે ઝુંપડીમાં બેસી સગડી કરી તાપવા બેઠા છે, કસુંબો કાઢી એક બીજાને સોગન દઇ પાય છે. સર્વે કસુંબો કાઢ્યા બાદ ગપાટા મારવા બેઠા છે; એવામાં એક હથિયાર બંધ ઘોડે સ્વારને દુરથી આવતો જોયો તેનો ઊંચો પોશાક અને તેની કાન્તિ જોઇ સર્વે ઉભા થઈ તેમને આવકાર દેવાને સામા ઝુંપડી બહાર નીકળ્યા તેટલામાં ઘોડો તેમની નજદીક આવી પહોંચ્યો. ઘોડેશ્વારને જોતાં તેઓ અચંબો પામ્યા કારણ કે નશિબવાન પુરૂષ છુપતા નથી. તે વિષે ગંગ કવિએ કહ્યું છે કે—

તારાકી જોતમેં ચંદ છુપે નહીં, શૂર છુપે નહીં બાદલ છાયા;
રણુ ચડયો રજપૂત છુપે નહીં, દાતા છુપે નહીં માગન આયા.
ચંચલ નારીકા નેન છુપે નહીં, પ્રીત છુપે નહીં પુંઠ બતાયા;
કવિ ગંગ કહે સુનો શાહ અકબ્બર, કર્મ છુપે નહીં ભભૂત લગાયા.

મહારાજા ઉપર અસહ્ય વરસાદ પડવાથી તે બેશુદ્ધિમાં હતા, એટલે જે આવકાર ઝુપડીમાંના પુરૂષોએ દીધો તેનો પ્રત્યુત્તર બેશુદ્ધિમાં હોવાથી કાંઈ પણ આપી-શકયા નહીં, પેલાઓએ તુરત તેમને ઘોડાપરથી ઉતારી, ઝુપડીની અંદર ખાટલો પાથરી સુવાડયો, અને તેની ટાઢ ઉતારવાને શગડી તો તૈયારજ હતી, તેથી તેમને શેક કરવા મંડી ગયા, આવી રીતે છેક પ્રભાત થયો પરંતુ રાજાની ટાઢ ઉડી નહીં ત્યારે તેઓ ઘણા દીલગીર થવા મંડયા પછી સર્વે મળી વિચાર કર્યો કે, પુરૂષની ટાઢ ઊડાડવાને એક રસ્તો છે. તે એકે તેમની ભેળી સ્રીને સુવાડવી, કારણકે સ્રીના હૃદયમાં કામાગ્નિ વિશેષ રહેલી છે; માટે કોઇ પણ સ્રીને સુવાડવી. આ લોકો ચારણ હતા, અને આ

નેશમાં તેમના આઠ દશ ઓરડાં હતાં, શિવાય બીજું કોઇ રેહેતું નહીં. બધાનો આવો વિચાર થયો. પણ કોણ અજાણ્યા માણુસ સાથે પોતાની બાયડી યા છોકરી સુવાડે? આથી બધા સ્તબ્ધ થયા. ત્યારે તેમાંનો અગરો કાજો કે જે ઘણો વૃદ્ધાવસ્થામાં હતો, તેના દિલમાં ઘણી દયા આવી. તેણે વિચાર કર્યો કે મારી પંદર વરસની છોકરી છે તેને સુવાડું, આવો વખત હમેશાં આવનો નથી વળી જીવતદાનથી વધારે શું પુન્ય છે? એમ વિચારી પોતાનો વિચાર સઘળાઓને જણાવ્યો. બધાઓ તેને શાબાશી આપવા લાગ્યા, વાહ વા કે'વા લાગ્યા, તારા જેવો હિંમતવાન અને દયાળુ અમે કોઈ દીઠો નહીં. અગરો કાજો તુરત પોતાના ઘર તરફ વળ્યો.

આ ઝુંપડી સામે એક પર્ણકુટીમાં એક પંદર વરસની કુમારીકા પ્રેમ બાણ વાગવાથી મુર્છામાં પડી હતી. જરાવાર આ અવસ્થામાં રહી. પછી બે'બાકળી થઈ ચોંકી ઉઠી, અને બોલવા લાગી. અહા! એ રત્ન મારે હાથ ક્યાંથી પડે? એવા મારા મહદ્ભાગ્ય ક્યાંથી! જે ઘર બેઠાં ગંગા મળે? વળી મનને કેહેવા લાગી, હે મન? તું ધીરજ રાખ. કદી સૃષ્ટી કર્તા વિરંચીએ તારેજ માટે મોકલ્યો હશે તો? તારી ધારણા કદી નીસ્ફળ જશે તો આ શરિરમાં પ્રાણ રહેવા મુસ્કેલ છે. એમ તું ખાત્રીથી માનજે. પણ હું વધારે આજ્ઞાએગ તો નીચેના દોહરાથી થાઉછું જે.

દોહરો.

નેન પદારથ નેન રસ, નેને નેન મિલંત,
અણજાણ્યા શું પ્રીતડી, પ્રથમ નેન કરંત.

ઉપલા દોહરાથી સિદ્ધ થાય છે, કે પ્રીત ચક્ષુમાં રહી છે. કારણ કે આટલી ઉમરમાં પ્રીત એ શું છે? તે હું બીલકુલ જાણુતી નહીં, એ વાત કોઈ દીવસ મારા લક્ષમાં પણ નહીં, પણ આતો સ્વભાવિક એટલે પોતાની મેળેજ ઉત્પન્ન થઈ. કારણ કે જેને કોઈ કાળે દીઠેલ નહીં, જેનું ચીંતવન કોઈ દીવસ થયેલ નહીં તે-નાપર આવડો પ્રેમ શો? આવા વિચારમાં બેઠી છે તે-વામાં એક બુઢ્ઢાને પોતા તરફ આવતો જોઈ, પોતાના ભ્રમીત થયેલ મનને ઠેકાણે રાખી, ઉભી થઈ સામે ગઈ. પેલો બુઢ્ઢો પર્ણકુટી અંદર આવી બોલ્યો પુત્રી, તારૂં એક જરૂરીનું કામ છે, અને મને ખાત્રી છે કે મારા વચનનું તું ઉલંઘન નહીંજ કરે! આવું સાંભળી પેલી કુમારીકા શર્મીંદી બની નીચું જોઈ, હસ્ત જોડી બોલી પિતાજી આપના વચનનો મેં કોઈ દિવસ અનાદર કર્યો છે? અને મારી તેમ કરવાની ફરજ છે? નહીંજ તો ગમે તેવું કઠણ હશે તોપણ તેમ કરવા વગર વિલંબે તત્પર થઈશ.

પ્રીય વાંચકો તમે સમજી તો ગયા હશો? જે આ બુઢ્ઢો ઝુંપડીમાંનો અમરો કાજો, અને આ કુમારીકા તેમની પુત્રી જેનું નામ ઉજળી હતું. તેને અફસોસનું કારણ મહારાજા મેહ જેઠવો હતા. કારણ કે પોતે પર્ણકુટીનાં દ્વારમાં બેસી ઝીણા સુરથી મલ્હાર ગાતી, દિલને ખુશ કરતી, અને વર્ષાદ પડેલો હતો તેથી પર્ણકુટી આસપાસ નાના નાના પ્રકારના પુષ્પોના છોડને મદોન્મત્ત થયેલ જોતી, હર્ષમાં બેઠી હતી. તેવામાં અચાનક મહારાજા મેહ જેઠવાનો અશ્વ ત્યાં આગળથી નીકળ્યો. તેનું અદ્દ્ભૂત

રૂપ, તેના શરીરના ડોળ ડમાક, અને હથિયારોની ખુબી જોઈ તેનું હૃદય પરાધીન થયું. ત્યારની છુપી હૃદયમાં બાણુ તુલ્ય ચોટવાથી અંજાઈ પૃથ્વીએ પડી. પાછી સાવધ થઈ જુએ છે તો સામેની ઝુંપડી પાસે ઘોડો બાંધેલો દીઠો. અને તેજ કારણથી સંકલ્પ વિકલ્પમાં પડી હતી.

અમરા રાજાએ પોતાની પુત્રીને, તમામ હકીકતથી જાણીતી કરી તેણે તે વાત અતિ હોંસથી કબુલ કરી. કારણ કે “ ભાવતું હતું ને વૈદે કહ્યું ” પોતાના પિતા જોડે તે તરૂણ પુરૂષ જ્યાં સુતો છે ત્યાં ગઇ તેનું રૂપ જોઇ તે છક્કજ થઇ ગઈ. તેણે ધાર્યું કે આ કોઇ રાજા છે. લોકોને ઝુંપડી બહાર કાઢી પોતે તેમની સાથે સુતી જેમ લોહ ચુંબક સોયને ખેંચે છે તેમ રાણાજીની તમામ શરદી ખેંચાઇ ગઈ મધ્ય રાત્રીનો સમય થયો, ત્યારે તે સ્ત્રીના ઉપર નિંદ્રા દેવીએ પોતાનું પોત પ્રકાસ્યું ઊપર જણાવ્યા મુજબ મહારાજાની સરદી ખેંચાઈ જવાથી શરીરમાં સ્ફુરણા આવી, અને આંખ ઊઘાડી જુએ છે તો; પોતે એક નાનીશી ઝુંપડીમાં સૂતેલો માલુમ પડયો તેટલામાંતો એક પંદર વરસની ઊંમરની મહા રૂપવંતી કામદેવની સ્ત્રી રતીને પણ લજ્યા પમાડે એવી સ્ત્રિને પોતાના પડખામાં દીઠી. તેના સર્વાંગે સાૈંદર્ય અને માધુર્ય વાસ કરી રહ્યા હતા, વળી પરવાળા જેવા હોઠ અને ગુલાબી ગાલ મનુષ્યનું ચિત્તાકર્ષણ કરે તેવાં હતાં. પોપટની ચાંચ જેવી નાસિકા, મૃગનાં નેત્ર જેવી આંખો, દાડમની કળા જેવા દાંત અને વાસુકીના જેવો ચોટલો હતો. રાણાજી એકદમ વિચારમાં પડી ગયા, કે આ સ્ત્રિ કોણ? તેના મનમાં વિચારોના

અનેક ગોળા ઉઠવા લાગ્યા. આ ભૂત, પ્રેત યા ડાકાણુ તો નહી હોય ? તેમ નહીં તો કોઈ દેવી તો નહીં હોય ? આવી રીતનો વિચાર કરતાં કરતાં છેક પ્રભાત થયો. કુ- કડા ચકલીયો, અને બીજા પક્ષીઓ કલ્લોલ કરવા લાગ્યાં, ઘંટીના અવાજો અને છાશ કરવાની રવાઈનો ઝણુકાર વી- ગેરે સંભળાવા લાગ્યા, મહારાજા તો વિચારમાંને વિચા- રમાં શુન્ય મુન્ય બની ગયા; ને ગાલે હાથ દઈ બેઠા. હે પરમેશ્વર ! તારી ગહન ગતિ છે, મારા વિયોગે મારી પ્ર- જા, મારી રાણીયો, અને પ્રધાન વિગેરે કેવાં દુખી થતાં હશે? આ અઘોર વન તેમાંએ મને આ સ્થળે કોણુ જાણે કોણુ લાવ્યું હશે? આમ બોલતાં બોલતાં આંખમાંથી અશ્રુની ધારા ખડ ખડ વેહેવા લાગી. અશ્રુ બિન્દુ સુતેલી સ્ત્રિના અંગપર પડવાથી તે જાગી ઉઠી. જુએ છે તો મહારાજાને બેઠેલા જોઈ, તે ઘણો હર્ષ પામી. તેવામાં જોડાના ધબડક ધબડક અવાજો થવા લાગ્યા; અને તેઓ તુરત નજીકમાં આવી બારણાની સાંકળ ઝાલી ઠોકવા લાગ્યા. કે અંદરથી "ઉઘાડું છું" એવો શબ્દ બોલી માંહેની જે સાંકળ વાસેલી હતી તે ઉઘાડી. કે પાંચ સાત જુવાન પુરૂષો અને એક બુઢ્ઢો અંદર પેઠા. તેઓ આ તરૂણુ પુરૂષને બેઠેલો જોઈ ઘણો આનંદ પામ્યા. મહારાજા તો ઘણા અચંબાને પ્રાપ્ત થયા, તેનાથી એક પણુ શબ્દ બોલાતો નથી પણુ આવેલા માણુસો સામે ટગર ટગર જોયાં કરે છે. તેવામાં આવેલ માણુસ- માંથી એક બુઢ્ઢો કે જે આ રૂપવંતી સ્ત્રિનો બાપ થાય, તે પોતાની પુત્રીને હકીકત પૂછવા લાગ્યો પણુ કયારે જીવ આવ્યો કયારે અને શી રીતે બેઠા થયા ? તે વિષે પોતે અજાણુ છે એવું સંભળાવ્યું. ત્યારે તેઓ રાજાની સામું જુએ છે

તો તે મહા ઉંડા વિચારમાં એ શોક આલી ગાલે હાથ દઈ બેઠા છે, તેને બોલવાની બિલકુલ શક્તિ રહી નથી. પ્રીય વાંચકો! આપને યાદ તો હશે જે આગળ કહ્યું છે કે આ લોકો ચારણ છે, અને તેઓ રાજાઓના ભીક્ષુક છે; અને હર વખતે ધુમલીમાં જતાં આવતાં જેથી થોડી વાર જોયા બાદ તુરત તેમને ઓળખી કાઢ્યા. મનમાં વિસ્મય પામ્યા, કે આવી દુર્દશા મહારાજાની શાથીને થઈ હશે? છેવટે એકી વખતે બોલી ઉઠ્યા. કોણ મહારાજા જેઠવો! "જેઠવો" આ શબ્દ સાંભળી ડોકું ધુણાવી, કપાળ માથે હાથ મૂક્યો. અને ચક્ષુમાંથી વધારે જળ વહવા લાગ્યું. ચારણો તુરત તેના પગ ચાંપવા મંડી ગયા તેમાંના એકે સગડી સળગાવી શેક જારી કર્યો. પેલી રૂપવંતી સ્ત્રિ જે અગરા ક્રાજાની છોકરી, અને જેનું નામ ઉજળી છે, તે રાત દિવસ રાજાનું માથું ખોળામાં લઈ દાબતી, વખતે વખતે માણસો આડાં અવળાં જતાં ત્યારે શેક કરતી. આવી રીતે ચાકરી કરતાં લગભગ બે માસ ગયા કેડે, મહારાજા હુશીઆરીમાં આવ્યા આસપાસ ફરવું, બેસવા આવેલ માણસો જોડે વાતો કરવી, અને હાથેથી ખાતા પીતા હતા. તેણે પોતાનું વૃતાંત આથથી ઇતિ સુધી કહી સંભળાવ્યું. પછીની હકીકત ચારણોએ રાણાજીને વિદીત કરી. પોતાના ગામને છોડયે ઘણું થયું, તેથી પ્રજા વિગેરે દુઃખ પામતાં હશે, માટે રવાના થવા ચારણો પાસે રજા લેવા લાગ્યા. ચારણોએ નમન કરી રજા આપી. મહારાજાએ કહ્યું તમે જીવતદાન આપ્યું છે, તેથી હું તમારો ઘણો આભારી થયો છું, અને મારી રાજધાનીમાં પહોંચ્યા બાદ તમારી બરદાસ્તનો બદલો વાળીશ. એમ કહી ઘોડાપર

સ્વાર થઈ ચાલવા લાગ્યા. કે ઉજળીએ એકદમ દોડી જઈ તેનો છેડો ઝાલ્યો.

રાગ--લાવણી.

(સનમ સખીરી રૂઠા ગયા—એ ઢબમાં.)

સુણો નાથ એક વિનતી હમારી, ચરણ કમળની દાસીછું;
નિરાધાર નહીં કરશો સ્વામી, સાથે આપની આવીશ હું.
ભાઈ બાપ સમ અવર પુરૂષ છે, તમ વિણ જાણો પૃથ્વીમાં
લગ્નિ લાગી આપની મુજને, અરજી દાસીની લ્યો મનમાં;
જો મુખેથી કરશો નકારો. મરીશ હું તો આણીવાર;
વરી ચુકીછું આપની સાથે, સંગે મુજને લ્યો ભરથાર.
આશા મોટી મારા મનમાં દર્શન આપનું થયું જ્યારે;
પ્રતિજ્ઞા પ્રીતેથી લઇને, પલંગ પગ દીધો ત્યારે.

જગતમાં સ્રિને એકજ પુરૂષ સાથે વરવાનું હોય છે. મારા શરિરને આપનો સ્પર્શ થયો તેજ દિવસથી હું આપની સાથે વરી ચુકી છું. આવું સાંભળી રાણાજી ઘણા દિલગીરીમાં પડયા. તેણે વિચાર્યું કે આ વખતે કબુલાત નહીં. આપું તો તે પોતાના પ્રાણનો ત્યાગ કરશે, અને મને સ્રિ હત્યાનું પાપ લાગશે. માટે આ વખતે ગમે તેમ સમજાવી તેનાથી મુક્ત થાઉં હે ચંદ્રવદની મહારા રાજને છોડયે લગભગ ત્રણ માસ થવા આવ્યા છે, તેથી મારી પ્રજા બહુ દુઃખ પામતી હશે; માટે ત્યાં જઈ તેઓને શાંત કરૂં આજથી ત્રણ માસ પછી હું અહીં આવી તારી સાથે લગ્ન કરીશ. માટે આ વખતે મને જવાદે ત્યારે ઉજળીએ દિલમાં રાજી થઈ કહ્યું કે હે આર્ય, શેઠની શિખામણ ક્યાં- સુધી. જો તેવું થાય નહીં હો! મુદતબાદ આપનું આગમન અહીં નહિ થાય તો હું નિશ્ચે પ્રાણ ત્યાગ કરીશ.

મારૂં વચન મિથ્યા ન થાય એમ કહી રાણાજીએ પોતાનો ઘોડો રવાના કર્યો. અને મન સાથ કહેવા લાગ્યા કે ઇશ્વરે બચાવ્યા. કારણ કેઃ—

છોરૂ ચારણની, મા જોગ કરી જાણીએ;
ખપ્યો હત ખપર જોગ, બુડત બરડાનો ધણી.

પ્રકરણ ૪ થું.

ધુમલીમાં ધામધુમ.

રાણાજીને શિકારે ગયે લગભગ ત્રણ માસ થયા, છતાં આવ્યા નહીં ત્યારે શેહેરના લોકો અને પ્રધાન વિગેરે ગભરાટમાં પડયા. તેઓનું શું થયું હશે? વનમાં વિઘન તો નહીં થયું હોય? યા કંઈ આફતતો નહીં આવી હોયા એવી રીતે અનેક તુરંગો ઉઠવા લાગ્યા. અંતે પ્રધાન અને શેહેરના લોકોએ તેમની શોધ કરવા નીકળવું, એવો ઠરાવ કરી તેઓ ધુમલી બહાર નિકળ્યા કે, છેટે જાણે વરસાદના વખતમાં વાદળ ઘમઘોર થાય છે, તેવું દીઠું આ દેખાવ ખરેખર વાદળાંનો હતો નહીં પરંતુ રાણાજીની સાથે શિકારે ગયેલ ભાયાતો તથા સાગતો હતા, તેઓ ઘોડા દોડાવતાં પ્રધાનજી તથા નગરવાસીયો સમીપમાં આવી પહોંચ્યા પ્રધાનજી વિગેરે નમન કરી મહારાજાની કુશળતા પુછવા લાગ્યા. તે કયાં છે? આ મંડળમાં કેમ દીસતા નથી? કંઈ આફતતો નથી આવી? આવું પૂછવું થતાં, તેઓ નિસાશા નાંખતાં, દીલગીર થતાં, અને હૃદય ભરાઈ આવવાથી અકેક શબ્દની જાણે વ્યુત્પત્તિ કરતા હોયની? તેવી રીતે તમામ હકીકત નિવેદન કરી. અમોને ત્રણ માસ લાગ્યા તેનું કારણ ફક્ત મહારાજાની શોધ જે જગ્યાએથી વિયોગ

થયો હતો, ત્યાં તેમની રાહ જોતાં થોડા દિવસ બેઠાં, પણ આવ્યા નહીં ત્યારે આસપાસ જંગલ તથા પહાડો અને ગુફામાં આજ દિવસ સુધી શોધ કરતા કરતા. રખેને પરભાર્યાં રાજ્યધાની તરફ વળ્યા હશે, એવી અભિલાશાથી અત્રે આવ્યા. ત્યાંતો આવા દુઃખદાયક સમાચાર મળ્યા. આવું સાંભળી બધાના હોંશ ઉડી ગયા! મન વિહવળ થઇ ગયાં, કેમ કરવું તે કોઈને સુઝતું નથી. પ્રધાન તથા ભાયાતોની આંખમાંથી દડદડ આંસુનાં બિન્દુ પડવા લાગ્યા. પ્રધાનજી ઉંચું માથું કરી મહારાજાની રક્ષા માટે પરમેશ્વરની સ્તુતિ કરવા લાગ્યા; એવામાં તેની દ્રષ્ટી સામે એક ઘોડેશ્વાર માલુમ પડયો. તે ઘણા વેગથી પોતાના ઘોડાને દોડાવતો હતો. પ્રધાનજી સર્વ મંડળને આંગળી ઉંચી કરી બતાવવા લાગ્યા કે પેલો ઘોડેશ્વાર આવે છે, તે જુઓ રખેને મહારાજાતો નહીં હોય? સર્વ મંડળ તતક્ષણ ઉભું થયું. અને સર્વ ઉભા થયા. જેમ જેમ ઘોડો નજીકમાં આવતો ગયો, તેમ તેમ ઘોડેસ્વારનો પોશાક, તથા હથિયારનાં કેટલાંક ચિન્હ ભુમળી પતિનાં જેવાં મળતાં ગયાં. આથી બધું મંડળ ખુશ થયું. અને મહારાજાને મળવા અધિરાં થઈ સ્તબ્ધ થઈ ઉભાં.

રાણાજી દૂરથી પોતાની રાજ્યધાની જોઈ ખુશ થયા. તેણે પોતાના ઘોડાને ધીમો પડયો, અને પીઠ ઠોકી ધીમે ચાલવા હુકમ કર્યો. જ્યારે લગભગ શેહેરના દરવાજા સુધી દ્રષ્ટી પડી શકે તેટલા નજીકમાં આવી પહોંચ્યા, ત્યારે તેની દ્રષ્ટીએ ઘણા માણસનું વૃંદ માલુમ પડયું. આવું જોઈ જો કે મહારાજા અજાએબ તો થયા. ધીરજ રાખી તે શા માટે ભેળા થયેલ છે તે જાણવા ઘોડાને ચાંપ મારી દોડા-

ગ્યો. થોડા વખતમાં તેઓની મધ્યે તે આવી પહોંચ્યા. કે પ્રધાનજી વિગેરે નગર વાસીયો જય જયનો પોકાર કરી રહ્યા. ભાટ અને ચારણો રાણાજીનાં જશનું ગાન કરવા લાગ્યા. રાણાજી ઘોડા ઉપરથી ઉતરી પ્રધાન અને ભાયાતોને ભેટી પડયા. જેમ મણીધર શરપની મણી ગુમ થઈ હોય, ત્યારે ફેણુ પછાડી પ્રાણુ ત્યાગવા તત્પર થયો હોય, એવા અરસામાં તેના પ્રાણુ જે મણી મળવાથી જેવો આનંદ થાય, તેમજ કોઈ માણુસ ચક્ષુ રહિત હોય, તેમને ચક્ષુ આવે ત્યારે જેવો આનંદ થાય, તેવો સર્વ મંડળને થયો.

મહારાજા ઘણે દહાડે આવ્યા, તેથી શેહેર શૃંગારવામાં આવ્યું. સામતો તથા ભાયાતો સહિત રાણાજીની સ્વારીએ ધુમલીમાં પ્રવેશ કર્યો. "નિગાહ રખીયે મેહેરબાન" આવા ચોપદારના લલકારથી દુકાનદારો વિગેરે દુકાન બહાર નિકળી, પાઘડીઓ પેહેરી નમન કરવા લાગ્યા. સ્ત્રિઓ બારીગાંથી ડોકાં કાઢી મહારાજાના ઓવરણા લે છે, કેટલીકો સુગંધીદાર પુષ્પોથી તથા મુક્તાફળથી વધાવે છે; આવી રીતે રાણાજીની દબદબા ભરેલી સ્વારી દરબાર ગઢ નજીકમાં આવી પહોંચી. મહારાજા જેવા ઘોડાપરથી ઉતર્યા કે ખમાં ખમાંના અવાજ થવા લાગ્યા. સામતો તથા ભાયાતોએ પોત પોતાના ઘોડા તબેલામાં બાંધ્યા. દરબારગઢમાં જઈ મહારાજાએ પોતાની ખાનગી કચેરી ભરી. આજના હર્ષમાં ઘણી ધામધુમ થવા લાગી. કંચનીઓએ નાટારંભ શરૂ કર્યો, ભાંડ અને ભાટો કવિતોથી રાણાજીનું મન પ્રસન્ન કરવા લાગ્યા, આમ ધામધુમ ચાલી રહી છે, તેવામાં સૂર્યનું અસ્ત થવાથી નીશા પોતાનો અંધકારનો ભાવ ભજાવવા લાગી; કે તુરત મસાલચી-

ઓએ મસાલ સળગાવી. એટલે ભાયાતો તથા સામતો મહારાજાની સાંઝની સલામતી લેવા લાગ્યા. રાણાજી સિંહાસન પરથી ઉભા થયા કે ચોપદારે કચેરી બરખાસ્ત એવો અવાજ કર્યો, અને રાણાજી પોતાના મેહેલમાં ગયા.

પ્રકરણ પાંચમું.

પર્ણકુટીમાં પ્રીયાંગ્ના અને બાર માસી વિરહી દુહા.

ધુમલીના મહારાણા પોતાની રાજધાનીમાં દિન પ્રતિદિન આનંદથી નિવાસ કરી રહ્યા છે. એ વાત અહીં છોડી આપણે ઢાંગા ડુંગરના નેશ તરફ ફરીએ. એક પર્ણકુટીમાં મુગ્ધા, નવોઢા સ્ત્રિ ઉંડા વિચારમાં બેઠી છે, તે ઘડીકમાં ખાટલેથી ઉતરી પર્ણકુટી બહાર આવી ચોગરદમ નજર કરે છે, વળી અંદર નિરાશ થઇ જાય છે, આંખમાં આંસુ લાવે છે, તેના દિલને કેમે ચેન પડતું નથી. કપાળે હાથ દઈ ઉંડા વિચારમાં ઉતરી જાય છે, આમ કરતાં થોડી વાર થઈ નહીં તેટલામાં તો આશા દઈ ગયેલ પુરૂષના ભણકારા પડવાથી તુરત બહાર આવી પેહેલાંની પેઠે ચોગરદમ જુએ છે; પણ કોઇને આવતું દેખતી નથી. ત્યારે વળી અંદર આવી ખાટલા માથે પડે છે, ઓશીકા માથે ઉંધુ માથું રાખી સુતી. અને આંસુ લાવતી, નીશાસા નાંખતી, ને છાતી કુટતી બોલી.

મેહના તો મંડાણ, કળજુગમાં કુડાં થયાં;
કાં માંહો પડીયો મેહ. કાં વિજળીએ વરંભીયા.

વાંચનારને યાદ તો હશે, જે ધુમલીના મહારાણા ત્રણ માસની મુદત આપી ચારણ પુત્રીને વરવા કબુલાત

આપી ગયા હતા, તે મુજબ વરસ થઈ ગયું, પણ આવ્યા નહીં. જેથી ઉજળીને ઘણો ખેદ થવા લાગ્યો તેને અહર્નીશ કંઈ ચેન પડતું નથી. જેમ જેમ પોતાના આશા દઈ ગયેલ પતિની ક્રાન્તિ, તેની સૌંદર્યતા, અને જે વખતે પલ્લો પકડયો હતો; ત્યારે "હું ત્રણ માસમાં આવીશ" એમ કહી ગયેલ વિગેરે સાંભળી આવવાથી હૃદયની અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેના ધુમાડા બહાર ન નીકળતાં અંદરને અંદર ધુંધવાયા કરેછે. હાય! ચૈત્ર મહિનાનો વાયદો શું વિસરી ગયા? આ તો સવા વરસ થવા આવ્યું તોપણ આવ્યા નહીં. જે ચૈતર મહિનો કહ્યો હતો, તેને સામો બીજો ચૈતર મહિનો ગયો. શું હું તેના ગનામાંથી ઉતરી ગઇ? હાય જેના વિયોગમાં મેં બાર માસ કાઢયા છે, તે મારા મનમાં કેવા સાલ્યા હશે? તે બાબતનો વિચાર નહીંજ કર્યો હોય? આવું બોલી નીચેના સોરઠા[1] ગળગળીત અવાજે શરૂ કર્યા.

ચૈતર મહિને ચિતમાંય, કોરાગણુ ઢળે કારમી;
તેની ઉલટું અંગમાય, આવે આભપરા ઘણી.
ચૈતર મહિને છેહ, ડોલરીયા દઇએ નહીં,
કંઇક ખંતીલા ખબરૂ લે, વિજોગણુ વિણુંનાર[2] ઘણી.

તે માસ તો ચક્ષુરૂપી વાદળમાંથી અશ્રુરૂપી મેહ વરસાવી વરસાવી કાઢયો.

વૈશાકે વનમાંય, આંબેથી સાખો ઉતરે,
તેની શાખો તો કરગાંય, તમ વિણુ આજે જેઠવા;
જેઠ મહિનો જાય, ધ્રુવ ત્રુઠી ધીણું નથી,

---

૧ ગામડીયા લોકો તને દુહા (દુવા) કહે છે.
૨ આ નામની નદી ઘુમલી પાસે છે.

પુછલેલ પરોણા[1] ખાય, જીવન વિનાના જેઠવા.
જેઠ મહિનો જાય, તેનો ધોખો ધરીએ નહીં,
ક્યાંક અષાડ ઉતરી જાય, તો વિમાસુ બરડા ધણી.
અષાડ કોરો ઉતર્યો, મચલ પતળ્યો મેહ,
ગારા દિલમાં ટાઢક દે, તો જીવ નામે આવે જેઠવા;
શ્રાવણ મહિનો સાબદો, અમે જેમ તેમ કાઢ્યો જેહ,
ભેળા રાખને ભાણના, ન કર મરશું તમ વિણ મેહ.

આશામાં ને આશામાં લેવાઇ જઇ જાણ્યું ભાદરવામાં આવશે, પણ

હાથી પૂછ્યો હોય, તેને ફગ કરી ઉડાડીએ,
જેઠવા વિમાસી જો, ગયો ભાદરવો કોરા ભાણના.
મોટે ફૂણગે મેહ, આવે ધરણી ધરાવતો,
પણ મારી માથે એહ, ઝાકળ વરસ્યો નહીં જેઠવો.

જ્યારે ભાદરવો ગયો, ત્યારે આશો મહીનાની અભિલાષા શું રાખવી? અરે માબાપના સોગન ખાઈ કોલ દીધો હતો, તે ક્યાં સુધ ગયો?

આશુ મહીનાની અમે, શું રાણા લાલચ રાખીએ,
તોડી સરો તમે, અમથી જીવાય નહિ જેઠવા.
વરમંડ ખોટાં વાદળાં, વાગે ટાઢો વા,
મેહનું કોઇ માનજોમાં, સોગને માર્યા બાપ મા.

આશુ મહિનામાં નવ રાત્રીના દિવસ આવ્યા, મારી સરખી સખીયો ઝીણા શુરથી ગરબા ગાઈ પોતાના પતિને રીઝવતી નિત્ય આનંદમાં રહે છે જેઓના પતિ પ્રદેશ છે, તેઓ તેડવા આવે છે. મારી સખીયો પોતાના પતિ સાથે મા બાપથી છાની છાની વાતો કરે છે, કેટલીક

1 બાફડીઓ.

પોતાનો પતી બહાર બેઠેલો જોઈ, કામનો ખોટો પ્રસંગ કાઢી બાહાર આવી મુખાર્વિંદ મલકાવી જાય છે, આવું જોઈ મારા દીલમાં હુતાશની પ્રગટ થાય છે. કારણ કે—

પોતાના પરદેશ, પોતે પરવસુ પડયા;
રવા કેરા રેખ, ભાણુના કોની પાસે ભાળીએ.

દિલને ધીરજ દઇને, વિહાગિનને દાબીને, આશુ મહીનો મહા મુસ્કેલીથી, જેમ કાળુ માંછલી સ્વાંતના મેહની મોહું વિકાશી રાહ જુએ છે, તેવી રીતે કાઢયો. અને કારતક મહિનો દોરા જેવા ઈંદને[1] સાથે લઈને બેઠો. ચોમાસાને આઠ માસને અંતરે ફેંકી દઈ શિઆળાએ મંડાણુ કીધું કે પિયર ગયેલ સ્ત્રીઓને તેઓના પતિઓએ તેડાવી લીધી. તેઓ પોતાના પતિસાથે હાસ્યવિનોદ કરવા લાગી. કેટલીકો શિઆળાના ખોરાક માટે નાના પ્રકારના પકવાનો કરી રાખે છે, આવું દંપત્તિનું સુખ જોઈ વિહાગિનએ મને પાડી નાંખી તેનો પણુ વાંક નહીં કારણુ કે.

કારતક મહીના માંય, સૌને શિઆળો સાંભળે;
તેની ટાઢળીયું તનમાંય, અમને ઓઢણુ દે આભપરાધણી.

આમ કરતાં કરતાં માગશર મહિનો આવ્યો.

માગશર મહીને માનવી, સૌને એકજ સા,
તે વાતુનો વિસવાસ, જાણ્યું કરશે જેઠવો.

મેં જાણ્યું કે—

પાંજરને પાણે ઢાંકશે, ત્યારે મારા શરિરને થાશે સુખ;
પણુ જેઠવે જાણ્યા નહી, દિલ ભીતરના દુખ.
રાણા રાખો રીત, બોલ દઈ બરડા ધણી,
પોસ મહીનાની પ્રીત, જાણ્યું કરશે જેઠવો.

---

૧ બીજના ચંદ્રને.

શિઆળાના કારતક અને માગશર મહિનાને તો દિ-લને રીબાવી રીબાવી કાઢયો. ત્યાંતો સ્ત્રીઓનો કટો શત્રુ પોશ પોતાનો ભાવ ભજવવા લાગ્યો. તેણે પોતાના સૈન્યાધિપતી કામદેવને રણુ સગ્રામમાં મોકલ્યો તેણે મારી છાતીમાં બાણુ મારવામાં બાકી રાખી નહીં, પણુ આશા રૂપી સગ્રથી તે દુષ્ટને ત્રીશ દહાડે નસાડયો; કે મહા મહિનો કુમારીકાના દુઃખને ટાળવા અગિયાર માસની ઉંઘથી બેઠો થયો. આ મહિનામાં જ્યાં ત્યાં વિવા વધાઈ જોવામાં આવતાં ત્યારે મેં વિચાર્યું કે—

ગાહ મહિને પરણે માનવી, ઢોલ ત્રંબાળુ ધ્રુસકે:
લગન ચોખા લઈ આવ, તો તને વધાવું વિણુંના ધણી.
ફાગણુ મહિને ફુલ, રૂતે લાગે રળીઆમણા;
તેના મોંઘા કરવા મૂલ, વિજોગણુ વિણુંના ધણી.

જ્યાં અર્ધો ફાગણુ મહીનો ગયો, કે હુતાશનીનો દિવસ આવ્યો. તેની બહાર નીકળતી ઝાળ જોઈ મારા દિલમાં અગ્નિએ વધારે પ્રકાશ કર્યો. મેં વિચાર્યું જે મારા જેમ આપણુ વિયોગી હશે. આ ધારવું ખોટું હતું કારણુ કે તેની ઝાળ બહાર નીકળતી જોવામાં આવે છે. એટલે તેની અંદરનું દુખ જ્યારે સંપૂર્ણુ ઝાળ નીકળી જશે, એટલે તેનું દુખતો જશે, પણુ મારા હૃદયમાં વિર્હાનળની ઝાળ અંદરજ સાલ્યા કરે છે; તે કેમે બુઝાતી નથી! હાય હાય!! આ ઝાળને શી રીતે થંડી કરૂં! આમ વિચારમાં લીન થતાં મધ્ય રાત્રીનો સમય થયો. છેવટે નકી કર્યું કે વખને મહારાજા ચૂકી ગયા હશે, માટે તેના શેહેર પ્રતે જાઉં. આવું વિચારી કોઇને તે વાત ન કહેતાં ત્યાંથી ચાલવા મંડી. ધુમસીનો રસ્તો કોઇ દિવસ જોયેલો નહીં,

જેથી થોડું ચાલતાં રસ્તાની કેડી ભૂલી જવાથી એક અઘોર અરણ્યમાં આવી પડી. ફાડી ખાનારા જનાવરોની ત્રાડોથી તેનું શરિર ધ્રુજવા લાગ્યું. આથી ટીંબા અને ટેકરાઓ સાથે આમ તેમ જતાં આથડે છે, માથાના કેશ કાંટાના ઝાડમાં ભરાય છે, બાવળના ઝાડરૂપી ધનુષ્ય શૂળરૂપી બાણુનો પ્રહાર કરે છે, વેલીઓ રૂપી નાગપાસ પગમાં વીંટાવાથી પડી જાય છે, આવી રીતે અસહ્ય દુખો વેઠતી, ઝાડો સાથે અથડાતી, આંખમાં અશ્રુ લાવતી, રસ્તો કાપતી કાપતી ચાલી જાય છે. મન સાથે કેહેવા લાગી, હે હૃદય જેનુ તું નિરંતર સ્મરણ કરે છે, તું ખ્યારના આવેશમાં તલપી તલપી મળવાનું ચાહે છે, તેની સાથે દિશાના અંતરથી ઘણું દુર છે. પ્રીતીની કાન્તિ ભરપૂર ભરી છે, તેનું જોર અતિશય વધી જઈ છાતી ફાટી કેમ નથી પડતી? મારે હે બીકણુ હૃદય તને ધિક્કાર છે. હે જીવ હજી કેમ જીવે છે, આમ વિચારમાં ને વિચારમાં બાવરી બની ગઈ. તેના શરીરને કાંઈ ભાન રહ્યું નથી. સૂર્યનારાયણ પણ રાત્રીને બાર કલાકનું વચન આપી પ્રદીપ્ત થયા, કે વિયોગી ચકલી પોતાના પતિને મળવાથી હર્ષના આવેશમાં કલ્લોલ કરવા લાગી. તે જોઈ કહે છે કે આ ચકલીને એક રાતનો વિછવો હતો તેમાં કેટલી આક્રંદ કરતી હતી? પણ મારે તો વરસ દિવસનો વિયોગ છે. મારા દુઃખના પ્રમાણમાં તો મારો જીવ ક્યારનો જવો જોઇએ. પણ આ ઉપરથી સિદ્ધ થાય છે કે મારૂં હેત હજુ ઓછું. અહા! આનંદનો વરસાદ ક્યારે વરસસે? અને અમૃતની સરિતા ક્યારે વેહેસે? આમ વિચારતી ચાલતાં ચાલતાં આઠ દિવસ ગયા કેડે અરણ્યમાંથી મુક્ત થઈ. કોઈ કોઈ

ગામો આવે છે, ત્યાં પૂછે છે જે રાણાજીની રાજ્યધાની ધુમલી કયાં આવી? લોકો કહે છે કે અહિંથી દશ કોશને અંતરે છે. આથી હર્ષ પામી ઉતાવળે ચાલવા તત્પર થઇ. જો કે સૂર્યનું અસ્ત થયું છે, તોપણ પ્રેમાધીન છે; જેથી તાર્કાદથી પોતાના પ્રીતને મળવાના હર્ષમાં રાતની રાત ચાલવા મંડી, છેક સવાર પડયું એટલે બરડાના આભપરા નાગના શિખર સુધી આવી પહોંચી.

પ્રકરણ ૬ ઠું.

ધુમલી.

આભપરાનો દેખાવ.

જેની ચારે તરફ મોટાં પહાડો આવેલા છે. પાદરમાં બરડાનું આભપરો આ નામનું શિખર કે જે બે હજાર ફુટ ઉચું ગયેલું છે. તે એટલો બધો વધ્યો તેનું કારણ એક ધુમલીનો ગઢ મોટો હોવાથી મહારાજાના દર્શનનો લાભ લેવા માટે જાણે વધ્યો હોયની? એવું અનુમાન બંધાય છે. આ શિખરમાંથી વિણું નદિએ ખરખર શબ્દથી પોતાનો પ્રવાહ ચાલું રાખ્યો છે, નદીની પાસે નાના પ્રકારના પુસ્પોના ઝાડો સુસવાટી મારી રહ્યા છે, તેપર ભ્રમર ગુંજાર શબ્દથી મધુરરસ લેવા ટગવળ્યા કરેછે, આ અરસામાં એક જોબનના મદથી છકેલી તરૂણ સ્ત્રી નીચેના સોરઠા બોલતી દાખલ થઇ.

ગરના ડુંગર જાગીયા, હવે ફરકયા વિણુંના વન;
પણ મેહ તારૂં તો મન, બકોલ થયું બરડા ધણી.
ઢાંગે રેહેતી ઠેઠ, આજે પણ ઓરે નહી;

આવી બરડા બેટ, પાંજર દાણો પાણીએ.

આવું બોલી તે આભપરાના શિખરપર ચડી. અને તમામ શેહેરની રચના જોઈ. પાછી નીચે ઉતરી વિણું-નદીમાં સ્નાન કરી ચાલતી થઈ. આ વખતે પ્રભાત થયું હતું શેહેરના દરવાજા ખુલા હતા જેથી અંદર જવામાં કંઈ અડચણ પડી નહીં. ગામની સ્ત્રીઓ ત્રાંબા પિતળનાં ચળકતાં બેઢાં માથે લઈ, પાણી ભરવા જાય છે. દુકાનદારો હાથમાં કુંચીઓ લઈ દુકાનો ખોલવા જાય છે, તેઓને દરબાર ગઢ ક્યાં છે? આમ પૂછતી ચાલી જાય છે. આ પ્રમાણે ઘણે દૂર ચાલી એટલે એક મોહોટો મેહેલ નજરે પડ્યો. જેને ચારે તરફ મોટો કિલ્લો બાંધ્યો હતો, અને તેનો દરવાજો ઉત્તરાદે મોહોડે હતો. આ દરવાજામાં સિપાઈ લોકો બેસતા હતા. થોડે દૂર જતાં એક મોટા ચોકનો દરવાજો આવે છે. આ ચોક ચોરસ હતો. તેની પૂર્વે એક દેવીનું ઘણા જુના વખતનું મંદિર કે જે રાણાજીની કુળદેવી તેનું હતું. ઉત્તરે એક વાટિકા હતી. જેની અંદર એક હોજ, અને આસપાસ થોડાં પુષ્પોનાં ઝાડ રોપેલાં હતાં. ત્યાંથી પાછા ફરી દક્ષિણ તરફ નજર કરતાં, એક ત્રીશેક પગથિયાંની હાર નજરે પડે છે, તેપર થઈ કિલ્લાપર જવાતું હતું પશ્ચિમે એક મોટો ઓટલો આવે છે. તેની ઉપર એક સુશોભિત નિસરણી હતી. આ સીડી પર ચડી આગળ જતાં એક મોટો ગોખ આવે છે આ સ્થાનક જેઠવાને રમુજી વખતે બેસવાનું હતું તેની પશ્ચિમે એક મોટો હોલ હતો, ત્યાં અમાત્ય વિગેરે દરબારી નોકરોને બેસવાનું હતું હોલમાંથી પાછા ફરી ગોખમાં આવી ત્યાંથી ઉત્તરાદા જતાં પાંચ સાતેક પગથિયાં આવે છે, તે

પરથી કિલ્લાપર જવાય છે. કિલ્લાપર પહોંચ્યાબાદ પાછળ તરફ વળતાં એક મોટી ચોરસ અગાસીપર દાખલ થવાય છે. તે અગાસીની સીડીથી અંદર ઉતરતાં રાજ્ય કચેરી આવે છે, જ્યાં સુવર્ણના સ્તંભો શોભિ રહ્યા છે. કચેરી મંડપની મધ્યે એક દિવ્યસિંહાસન ગોઠવેલું હતું, જેનું તમામ કામ ઉમદા રત્નો સિવાય હતું નહીં સિંહાસનની આજુ બાજુ દરબારી નોકરોને બેસવાની બેઠકો હતી. આ રાજ્ય કચેરીનો બીજો રસ્તો ગઢના દ્વારમાંથી એક શેરીમાં પડતો હતો. નોકરોને તથા દાદી ફરીયાદીને આવા ગમન કરવાનો આજ રસ્તો હતો. ઉપલોતો ફક્ત ખુદ રાણાજી તથા ખાનગી મેહેલમાં રેહેનાર માણસોને માટે હતો. કચેરીથી આગળ ચાલતાં એક નાનીસી બારી આવે છે, તેમાં દાખલ થતાં ચાર સુશોભિત ઓરડા આવે છે. જેના સ્તંભો હીરા માણેક વિગેરે જવાહીરથી શૃંગારેલાં, ભીંતો ઉપર સુંદર ચિત્રો પાડેલાં, હાંડી ઝુમર વિગેરે સ્થળે સ્થળે ટાંગી દીધેલાં નજરે પડે છે. આ ઓરડાની મધ્યે ચોરસ નાનો ચોક હતો, અને આ ઓરડાઓ તેની ફરતી બાજુએ હતા વાંચનારને જણાવવું જોઈએ કે આ ઓરડાઓમાં પેહેલો રાણી વાસનો, બીજો સયન ગ્રહનો ત્રીજો પાકશાળા, અને ચોથો ખાનગી બેઠકનો હતો. હવે મેહેલનું વર્ણન સમાપ્તિ માગે છે.

પેલી તરૂણ સ્ત્રિ દરવાજામાં આવી નીચે પ્રમાણે બોલી.—

મેહની મેડી હેઠ, ઉજળી અરદાસુ કરે;
મોઢું દેખાડ મેહ, ભૂખ ભાંગને ભાણુના.

દૈવયોગે આ વખતે રાણાજી કાંઇ કારણસર કિલ્લા-

પર ઘોડા ખવાસો સાથે ફરતા હતા. સવારના વખતમાં આ-વી એકાએક વિલાપ યુક્ત તેમાંએ વળી પોતાનું નામ સાંભળવાથી એકદમ દોડી આવ્યા અને જુએ છે તો પોતે જે ચારણ પુત્રીને વરવા કબુલાત આપી હતી તેને દીઠી આવું જોઈ મહારાજા મોટા વિચારમાં ઉતરી ગયા. ઉજળીએ પોતાના પ્રીયનું મોઢું જોઈ, જેમ પુનેમનો ચંદ્ર પ્રકાશે છે: તેમ પ્રફુલિત થઈ કહેવા લાગી.

ઉનાળાના અમે, લાંબા દિ લેવાય નહીં,
તોળ્યુ દિઓ તમે, જીવતાં રહીએ જેઠવા.

જે દિવસથી આપનો વિયોગ થયો છે, તે દિવસથી મારી પાપણોમાં ભાદરવો વરસે છે. ચિત્તતો કંપાએલ થયું છે. આપે ત્રણ માણસનું વચન આપ્યું હતું તે તો પળ્યુંજ નહીં. તમારા દિલમાં એટલું પણ નાવ્યું કે કામદેવ રૂપી મહા કટો શત્રુ તેનાપર પેદા થયોછે અમે તો:—

મેહ મેહ કરતાં મેહ, મેહના તો મનમાં નહીં,
હવે હદ થઈ મેહ, ઝાંકળ વરસની જેઠવા.

જે દિવસથી બંને કટાક્ષ મેળાં થયા છે. તે દિવસથી તમે વિસરતા નથી. હે પ્રીયા જેમ બપૈયો મેઘ બિન્દુ માટે પોકારે છે, તેમ મારી રસનાએ તમારા નામની મા-ળા ગ્રહી છે. વળી—

કાઈકે ચીત્તમે હે ધરનીધર, કાઇકે ચીત્તમેં સંકર દાતા;
કાઇકે ચીત્તમેં દેવ નીરંજન, કાઈકે ચીત્તમે સરસ્વતી માતા.
કાઈકે ચીત્તમેં ગૌરીકા નંદન, કાઈકે ચીત્તમેં ભૈરવ રાતા;
મેરે ચીત્તમેં મિત્ર બસે પૂની. મિત્ર કે ચીત્તકી જાને બિધાતા.

એટલુજ નહીં પણ નીશા સમયે વિયોગી ચકવો ચકવી એક બીજાને બોલાવતાં હોયની ! તેમજ ભમર જેમ

મધુરસ લેવા ટળવળ્યા કરે છે, ચકોર જેમ ચંદ્રમાને એ-કોટસે જોયા કરે છે, તેમ મેં આપની ઘણી રાહ જોઈ; પણ આવ્યાજ નહીં. ખેર પણ હવે.

આભપરે આવી ઉજળી, ચારણુ ભૂખી છે;
કરવું કેમ જેઠવા, મારી મત મુંઝાણી મેહ;

આવાં વચન સાંભળી મેહજેઠવો હસીને બોલ્યો.

કણદાણો કોય, કેહેતો દઉ બાણુનો ગાડા ભરી;
તારે હૈયે ભૂખજ હોય, તો માગને તુંતો ઉજળી.

આવું સાંભળી ઉજળી ભયભીત થઈ ગઈ. તે જાણે ચિત્રામણમાં છબી ઉભી હોયની? હાય! જેણે પરણવાનું વચન આપ્યું હતું, તેના મોંમાંથી આ શબ્દ શા!

તોળ્યું દિયો તમે, જેઠવા જીવાય નહીં;
તારા અંગના અમે, બાણુના ભૂખી છું.

વળી:—

છાણે વિંછી ન ચડાવીએ, ટાકર મારે તે;
બરડાના ભિલેશ્વર પાસે, અમે માગી લીધેલ મેહ.

શું મારે ઘેર મને ખાવા પીવાનું મળતું નથી? હું આર્ય! હુંતો તારા દેહનીજ ભૂખીછું. ત્યારે મેહજેઠવો બોલ્યો.

ચારણુ એટલા દેવ, જોગમાયા કરી જાણીએ;
તેના ચોસર કેમ ચડે, બુડે બરાડાનો ધણી.
અમથી લાજું લેવાય નહીં, તમે છોરૂ ચારણના છો;
મારૂં મન બગાડું જહીં, તોતો આભપરો લાજે ઉજળી.

તમે મારા ભિક્ષુક અને માનવા યોગ્ય, તેનાપર મારૂં મન બગાડું, તો મારા જેઠવા કુળને, અને મારી રાજ્યધાની ધુમલીને બટો લગાડું શું? નહીં નહીં તેમ કદી

થવાનુ નથી. તેં મારો પ્રાણ બચાવ્યો, તેના બદલામાં તને જીવતાં સુધી પાળું એ મારો ધર્મ છે. પણ એ વાત નહીંજ થાય. આ સાંભળી અમરાકાજાની પુત્રી ઉજળી ક્રોધાયમાન થઈ. આંખો લાલચોળ થઈ ગઈ. તે જાણે શંકરે ત્રીજું લોચન પ્રલય કરવા ઉઘાડયું હોય ની! તેનાં નેત્રોની ભમર ઇંદ્રના પચરંગી ધનુષ્યની જેમ ચડી ગઈ, અને ક્રોધના આવેશમાં તેનું શરીર ધ્રુજવા લાગ્યું. હવે કેમ કરવું તે સુઝતું નથી. થોડો વખત રાજા સામુ એક ખીજવાએલી સિંહણની પેઠે જોયા કર્યું પછી જુસ્સા બેર બોલી.

તારા મનમાં હતું મેહ, ત્યારે નાકારો કાં ન મોકલ્યો;
હવે લાજુ મારી લેઈ, ભોઠાં પાડયાં ભાણના.

આવી રીતે ક્રોધાયમાન થયેલી જાણી, મેહજેઠવો ધીરજથી બોલ્યો.

ઉજળી બાપૈયો બીજે, પાલર વન પિયું નહીં;
સમુદ્ર ભર્યા છેહ, તોયે જળ ન ગોટે જેઠવો.

ઉજળી—જુનાં તજી જળ, નવે જળ જાગે નહીં;
ફરતા ફર્યા ફર, તોય જળ એનું એ જેઠવા.

મેહજેઠવો—તે બરોબર છે પણ:—

ભેંસ ભાગી હોય, તેને વાંસે જઈને વાળીએ;
હાંતી હરાડો હોય, નહે આડો ફર્યો ઉજળી.

ઉજળી—ગરજ સરી એટલે વૈદ વેરી હાય! આતો તે મુરખ થયું! જ્યારે કોલ દીધો તે વખતે વિચાર કેમ ન થયો! તેમાં તમારો દોષ નથી, પણ મારા નસીબનોજ. ઠીક દૈવ, તું જે કરે છે તે સારાનેજ માટે!! આજથી જેઠના કુળનો સૂર્યઅસ્ત થવાનો થયો! ધ્રુગલીનું

નાશ થવાનું થયું !! અરે ! હજીપણ સમજ સમજ્યા પછી પસ્તાવું પડશે વિચાર કર, વિચાર. આવું સાંભળી રાજા-જી બોલ્યા.

સાકર પાંગળી સબળ, જાણપણામાં જોય;
એવું મ બોલ ઉજળી, કેદી કાંઇ કડવી ન હોય.

રાણા કુળનો નાશ પછી થતો હોય તો હમણાંજ થાય, ધુમલીનો નાશ થાય, પણ અધર્મ કદી નહીં વર્તીશ. આ બોલ સાંભળી ઉજળીને ખરેખર વિશ્વાસ આવ્યો, જે મારી સાથે પાણીગ્રહણ નહીંજ કરે.

તાવના મનુષ્ય જેમ, આળમાં ઠેલે અન્ન;
અરીયુ જેવી ઉજળી, આજે લાગુ મેહને મન.
ઓસીયાળા હમે, તુંબા જળ તર્યા નહીં.
મેં'ણીયાત રાખ્યા મેહ, જામો કાગી જેઠવા.

અરે ! અસલનું હેત ભુલી કેમ જાય છે, વિચાર તો કર.
હું અમરા કાજની ઉજળી, તું ભાણું જેઠવાનો મેહ;
જે દિન પોઢયાતાં પીંગળે; તે દિનો બાપ્યો નેહ.
ઉજળી કહે આભણાણા અમે, કોઈ મુસલમાન મળ્યો નહીં.
પણ છેલ્લી બાકીની છાંટ, જળની નાંખને જેઠવા.

આટલું કરગર્યા છતાં મેહ જેઠવાના મનમાં કંઈ આવ્યું નહીં. ત્યારે ઉજળી પોતાના દિલને કેહેવા લાગી. ચાલ જીવ આમ કર્યે કંઈ વળવાનું નથી.

પરદેશીની પીડ, જેઠવે જાણી નહીં;
કાંકે માર્યા તીર, બધાય ભાણુના ભથે રહ્યા.
આભપરેથી ઉછળ્યા, જળમાં દીધો જોક;
સરગાપરીનો ચોપ, પાંજર કયાં પામશે.

ઉજળીના હૃદયમાં અગ્નિની ઝાળે વિશેષ પ્રવેશ કર્યો,

રૂંવેરૂંવાં ઉભાં થયાં. શરીર ત્રાંબા વરણું થઈ ગયું તેણે ક્રોધાવેશમાં નીચેના દુહાથી શ્રાપ દીધો.

તું મુવો હત ગેહ, મારા દિલગાંથી દઝણુ ટળત;
કાંકે દીધો છેહ, જા પાદર થાશે ધુમલી.
વળગવળતી કાઢી આજ, હોંશથી આવી હું અહીં;
જાજે તારૂં રાજ, આશીશ છેલ્લી એટલી;
બેસીસ નહીં કો દી, ઠીક ઠરીને આજથી,
રેહુશે અંગ વ્યાધી, આઠે પહોરે જેઠવા.

દોહરો.

ધુમલનો ધુમટ જસે, કવકવ કરશે કાગ;
અહોનીશ તુજ અંગમાં, લાગો વધતી આગ.

આવું બોલી ઠાંગા ડુંગરનો રસ્તો પકડ્યો.

પ્રકરણ ૭ મું.

સ્થળ ઠાંગાનો નેશ.
તરછોડેલ પ્રીયાનો વિલાપ.

ક્યાં જાઉં કર્મની દુખણી હું જાતે,
કોને કહું ગમ હૃદયનું દુખડું હું આતે;
ક્યાં સુધી સહીને શરીરે સુકાવું,
ક્યાં સુધી દુખી દેહને દીલથી રીબાવું.

પવનમાં દીવો, અને દીવા પાસે પતંગીઓ ક્યાં સુધી સલામત રહી શકે? હા! હાડ તથા માંસ રહીત, અને ચિંતાથી દગ્ધ થયેલ મનુષ્ય ક્યાં સુધી જીવસે? હે હૃદય! મદન તથા ચીંતારૂપી દેવ દાનવો, નિસ્વાસ રૂપી વાસુકી નાગના નેત્રા પકડી ખેંચવા લાગ્યા. ધીરજ રાખી

વિચાર્યું કે એ મગનથી અમૃત મળે? પણ એથી તો ઉલટું. એટલે આતો હળાહળ વિષ ગળ્યું. ઠીક છે. ભાવિમાં જે થવાનું છે, તે મીથ્યા થાય નહીં.

નવ ટળે નગધેલ, છઠ્ઠીના ચૂકે નહીં;
જાએ મન જગ છેહ, તોય અક્ષર આડાં ફરે.
લાખ ઉપાય ક્રોડ મત, કર દેખો સબ કોય;
અણુ હોની હોયે નહીં, હોની હોય સો હોય.

આમ ઠાંગા ડુંગરની એક પર્ણકુટીમાં રહેલી અગરા કાજાની છોકરી વિલાપ કરે છે. ઘણી વાર વિચાર કર્યા બાદ એકદમ ચક્ષુમાં પાણી આવવાથી પોકેપોક મેલી રડવા લાગી. આમ થોડીવાર થયા કેડે જરા શાંત થઈ. વળી વિચાર રૂપી દળે ઘેરી લીધી, અને ચિંતા રૂપી બાણુનો પ્રહાર જારી કર્યો.

કુંડળીયો.

ચીંતાસેં ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ ગ્યાન;
બુદ્ધિ સહીત વિદ્યા ઘટે, ચીંતા ચીત્તા સમાન.
ચીંત્તા ચીત્તા સમાન, નેન નીદ્રા નહીં આવે;
નહીં નારીસેં નેહ, ભૂખ ભોજન નહીં ભાવે,
કહે ગીરધર કવિ રાજ, સુનોરે સાજન મિત્તા;
સોનર કેસેં જીવે, જાહી કું વ્યાપે ચીંત્તા.

ચીંતાહે બડી ડાકીણી, માંસ સબહી કે ખાય;
જો રતી ભર ભર જોડીયે, તોલા ભર ભર જાય.
તોલા ભર ભર જાય, જલે જયું કાચકી ભઠ્ઠી;
રગતમાંસ જલ જાય, રહે પીંજરકી હઠ્ઠી.
કહે ગીરધર કવિરાજ, સુનોરે સાજન મીત્તા;

સોનર કેસે જીવે, જાહીકું વ્યાપે ચીંત્તા.

તે થોડીવાર કાંઈ ન બોલે, ને થોડી વારે અચાનક બોલી ઉઠે છે. છેવટે રડતે રડતે નીચે પ્રમાણે સોરઠા બોલી.

તું શું તાણી લઈ. એ ઘડી બોલ્યા નહીં;
તેની અવદેવ રહી ગઈ, જામો કાગી જેહવા.
નગીરૂં હતું ન કોર, બોલાવતો બરડા ધણી;
ન રહ્યું જાંગુમાં જોર, ત્યારે જાતાં કીધાં જેહવે;

દુનિયાગાં ગરજ મોટી ચીજ છે, નીચ કામ પણ તેજ કરાવે છે. શત્રુને નમાવે છે, અને મિત્રથી દ્રોહ પણ તેજ કરાવે છે.

સાકરીએ સાદે, બોલાવતો બરડા ધણી;
કુચા જેમ કાઢે, તેમ જાતાં કીધાં જેહવે.

વાહ! ઠીક કરી બતાવી ગુણ ઉપર ગુણ કરે એતા જગતનો સ્વાભવિક નિયમ છે. પણ ગુણ માથે અવગુણ તારી પાસે જોયો.

સાકર ખાધી હોય, મીઠપ ઘણેરી લાગશે;
વિષજ ખાશે કોય, ન રહે કો દી જીવતો.

ઠીક જીવ એ જે બન્યું છે, તે દરગુજર કર. કેહેવત છે કે?

દોહરો.

બીતી સો બીસાર દે, આગેકી સુધ લે;
જો બનિ આવે સહજમેં, તાહીમેં ચીત કે.

માટે એ આળ પંપાળની વાત છોડી એક નિરંજન નિરાકારનું ધ્યાન ધર. જેથી હે જીવ તારી મુક્તિ થશે. આમ પરમેશ્વરની ભક્તિમાં ઘણા વર્ષો કાઢયા.

પ્રકરણ ૮ મું.

રાણાજીનું મનાવા જવું.
શ્રાપ નિવારણ ન થવાથી મૃત્યુ,
અને ઉજળીનું સતી થવું.

દિવસ જતાં વાર લાગતી નથી. ઘુમલીના મહારાણાને જે દિવસથી ઉજળીનો શ્રાપ લાગ્યો, ત્યારથી તેના શરીરમાં અગ્નિ પ્રગટ થઈ. તે અહોનીશ બળ્યા કરતી. શરીરમાં એકેક બાધી થવા લાગી. ગાથે દુસ્મનોનું જોર વધવા લાગ્યું, અને ખંડીયા રાજાઓ હુલ્લડ કરી રાજ્ય લઈ લે છે; એવી બૂમો આવવા લાગી. તેનું શરીર બહુ ઘસાવા લાગ્યું જો કે તેની ઉમર નાની છે તોપણ તે જાણે જીર્ણાવસ્થામાં હોય, તેમ બળતરાથી થઈ ગયો. શું કરવું તે કંઈ સુઝે નહીં. આથી ઘણા કંટાળાને પ્રાપ્ત થયા. આગ દુખમાંને દુખમાં દશેક વર્ષો કાઢ્યાં. રોગે ઘેરી લીધો, તેથી બચવાની આશા રહી નહીં. અને શ્રાપ મીથ્યા થયો નહીં એમ જાણી ઉજળીને મનાવા માણસો મોકલ્યા. પણ જેનાથી ખાટું દિલ થયું તે કોઈ દિવસ મળતું નથી. જે માણસોને મોકલ્યા હતા, તે પાછા આવી કેહેવા લાગ્યા કે તે માનતી નથી. આથી મહારાજા ઘણી માંદગી ભોગવે છે, તોપણ તેણે ત્યાં જઈ મનાવાનું કર્યું. થોડા માણસોને સાથે લઈ પંડે ત્યાં ગયા; અને ઘણી રીતે સમજાવા લાગ્યા, ત્યારે ઉજળી બોલી.

ફરતું આવેલ ફૂલ, તેને માળી કોઈ મળ્યો નહીં;
એમાં માંખ શું જાણે મૂલ, ભમર પાખી ભાણુના.
ખડ સૂકાં ગોરસ વસુકાં, વહાલાં ગીયા વિદેશ;
અવસર ચૂકી મેહુલા, હવે વરસી શું કરીશ.

આવું સાંભળી રાણાજીએ ક્ષમા માગી, શ્રાપ નિવારણ થવા કહ્યું. પણ સતીએ જે શ્રાપ દીધેલો છે, તે મીથ્યા નહીં થાય. આવું ઉજળીનું બોલવું સાંભળી; આ દુખથી હું નહીં છુટું. એવા વિચારમાં લીન થતાં, એકદમ મુર્છા આવવાથી પડી ગયા; અને પડયા તે પડયાજ. પાછા ઊઠયા નહી તેમની સાથે આવેલ માણુસો બહુ આક્રંદ કરી રડવા લાગ્યા. ત્યારે ઉજળીએ ઉભી થઈને સર્વને શાંત કર્યા.

પોતાનાં સગાં વહાલાંઓને તેડાવી આ તમામ વાતથી જાણીતા કર્યા. તેઓ બહુ રડવા લાગ્યા, અને તેની દહન ક્રીયા કરવા સર્વ તૈયાર થયા. એટલે ઉજળીએ રાણાજીનું શબ ખોળામાં લઈ બોલી ભાઈઓ જુઓ હું સતી છું. મારે એજ પતી છે, કારણ કે તેના અંગનો મને સ્પરસ થયો છે. સંસારનું શું સુખ છે? તેથી હું અજાણુ છું. તો હે નિરંજન નિરાકાર અદ્વૈત પ્રભુ !! જો મારૂં ખરૂં સતીત્વ અને અન્ય પુરૂષની સ્વપ્ને પણ આશા ન કરી હોય, તો અગ્નિ તેની મેળેજ ઉત્પન્ન થાઓ. આટલું બોલી રહી નહીં તેટલામાં તો જેમ હુતાશની ઝાળ થાય તેવી રીતે થઈ. જય અંબે!! જય અંબે!! નો પોકાર શરૂ થતાં આકાશમાંથી એક દિવ્ય વિમાન આવ્યું તેમાં બેસી સ્વર્ગે ગયાં અને જયજયના પોકાર થયા.

મહારાજાની સાથેના માણુસો ઘુમલી તરફ રવાના થયા. તેઓએ સર્વ વાત નગરવાસીઓને તથા પ્રધાનાદિકને કહી સંભળાવી શેહેરમાં હાહાકાર વર્તી રહ્યો. દિશાઓ ઝાંખી થઈ ગઈ, રાણીવાસમાં શોકાતુરનો સૂર્ય ઉદય થયો, મેહેલે મેહેલે દીલગીરીનો પાર રહ્યો નહીં, રા-

જા વિનાની રૈયત વિહ્વળ થઇ ગઇ. દશ દિવસ ગયા કેડે મહારાજાની ક્રીયા કરી, પાટવી કુમાર નાગજી ગાદીએ બેઠા. આ સ્થળે મહારાણા મેહજેઠવાનું વૃત્તાંત પુરૂં થાયછે.

પ્રકરણ ૯ મું.

પોરબંદરના હાલના મહારાણા વિક્રમાતજી સુધી સંક્ષેપ નોંધ.

ધુમલીનો નાશ ઇ. સ. ૧૩૧૩ માં થયો. તે વખતે ત્યાંની ગાદીએ મેહજેઠવાથી ઉતરતાં પીસતાળીશમી પેડીએ રાણા ભાણુજી હતા. સિંધના રાજા બાગણીયાજીએ તેમનાપર ચડાઇ કરી, ધુમલી તોડયું. આ વખતે રાણા ભાણુજી ત્યાંથી ભાગી રાણપુર ગયા અને ત્યાં રાજધાની કરી. ભાણુજીથી ઉતરતાં છઠ્ઠી પેડીએ રાણા ખીમાજી થયા, અને તેમની પછી કુંવર રામદેજી થયા. આ વખતમાં નવાનગરમાં જામવિભાજીનો દીકરો જામ સતાજી રાજ્ય કરતો હતો. તે જો કે આપણા રાણા રામદેજીનો મામો થાય, તોપણ ભાણેજનું રાજ્ય ખુંચવી લેવા ફાંફાં મારવા લાગ્યો પણ શી રીતે કરવું તેના વિચારમાં અહર્નીશ ધુંચવાયલ રેહતો. છેવટે તેણે ભાણેજને પોતાને મળવા બોલાવ્યો. અને ત્યાં દગાથી મારી રાણપુર પોતાને સ્વાધીન કર્યું. ઈ. સ. ૧૫૭૪ રાણા રામદેજીને ભાણજી નામના કુંવર હતા તે રાણપુરથી ભાગી સોઢાગણે જઈ રહ્યા. ત્યાં જામ આવેછે એવી અફવા ઉડવાથી ત્યાંથી નાઠા અને મરણ પામ્યા.

રાણા ભાણજીને કલાંબાઈ કરી રાણી હતાં. આ બહાદુર ક્ષત્રાણી પોતાના કુંવર ખીમાજી, ભોજરાજજી, અને જેઠીજીને લઈ છાંયે ગયા. જો કે આ વખતે જામનું રાજ્ય પૂર્ણકળાથી પ્રકાશતું હતું અર્થાત બળવાન હતું તોપણ બહાદુર બાઈએ હિંમત ન છોડતાં, પોતાની ફોજમાં

મેહેર અને રબારીને દાખલ કરી આસપાસનો થોડો મુલક કબજે કર્યો. ધોળને પાદર મુગલો સાથે જામસતાજી લડતો હતો તે તક જોઈ બાઈએ પોતાનો રાણપુર સુધીનો મુલક હસ્ત કર્યો, અને વડા કુંવર ખીમાજીને છાંયાની ગાદીએ બેસાડયા. ખીમાજી પછી વિકમાતજી અને તેની પછી સુલતાનજી ગાદીએ બેઠા. ઈ. સ. ૧૬૯૯ માં સુલતાનજી મરણ પામ્યા તેમને ભાણજી સગરામજી, હાજોજી, અને કુંભોજી એ ચાર કુંવર હતા જેષ્ટકુંવર ભાણજી ગાદીએ બેઠા. અને બાકીનાને શીશલી, બરડીયા, અને વાછોડું એ ગામો ગરાશમાં મળ્યા.

આ વખતે હિંદમાં લડાઈ રૂપી વાદળા ઘનઘોર થઈ તુટી પડતા, મુગલો અને મરાઠાની લડાઈ વિગેરેનો લાભ લઈ રાણા ભાણજીએ પોરબંદર જે મુગલોને તાબે હતું તે પોતાને સ્વાધીન કરી લીધું. તેમની પછી ખીમાજી અને તેની પછી વિકમાતજી થયા. ઇ. સ. ૧૭૨૮ તેમણે રાજ્યમાં સારો વધારો કર્યો. તેમને સુલતાનજી નામના કુંવર હતા. તેણે રાજ્યધાની છાંયામાંથી કાઢી પોરબંદરમાં કરી ઈ. સ. ૧૭૮૫ તેમને હાલાજી કરીને કુંવર હતા. હાલાજી પછી પ્રથીરાજ ઉર્ફે ખીમાજી ગાદીએ બેઠા ખીમાજી ઈ. સ. ૧૮૩૧ માં મરણ પામ્યા ત્યારે ચુડાવાળા બાશ્રી રૂપાળીબાના કુંવર ભોજરાજજી (વિકમાતજી) આઠ વરસની ઉમરે ગાદીએ બેઠા, આ વેળા રાજકારભાર રાજ્યમાતા બાશ્રી રૂપાળીબા કરતાં હતાં. આ બાઈએ ઘણા લોકોપયોગી કામો કરી પ્રજાને સુખી કર્યાં, મહારાણા રાણા સાહેબની અરાઢ વરસની ઉંમર થઇ તેવામાં માતુશ્રી રૂપાળીબા સ્વર્ગે પધાર્યાં. ઈ. સ. ૧૮૪૧,

મહારાણા રાણા સાહેબને માધવસિંહ, હમીરસિંહ, અને પ્રતાપસિંહ એ કુંવરો અને ફુઈબા અને કેશાબા એ બે કુંવરીઓ હતી. તેમને ભુજના મરહુમ રાવ પ્રાગમલજી સાથે પરણાવી હતી.

ઇ. સ. ૧૮૬૯માં કુમારશ્રી માધવસીંહજી ગુજરી ગયા. તેમને ભાવસિંહજી નામના કુંવર છે કુમારશ્રી ભાવસિંહજીએ હિંદુસ્થાન, આસ્ટ્રેલિઆ, સિંહલદ્વીપ વિગેરે મુસાફરી કરી હાલશ્રી પોરબંદર બિરાજે છે.

મહારાણા શ્રી વિક્રમાતજીના બીજા બે કુંવર પ્રતાપસિંહ અને હમીરસિંહ ગુજરી ગયા છે, જેમાના હમીરસિંહને કુમારશ્રી વિજયસિંહજી છે.

મહારાણા રાણા સાહેબે પોતાના નામથી પોરબંદર પાસે ઈ. સ. ૧૮૬૭ માં ભોજેશ્વર મહાદેવનું દેવાલય બંધાવ્યું.

ઈ. સ. ૧૮૮૬ માં અત્રે એડમીનીસ્ટ્રેટર ખાતું સ્થાપાણું અને રેલ્વે વિગેરે આણી વેપારમાં વધારો કર્યો છે.

(ગુ૦ રાજ્ય સ્થાન.)

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સાહેબોના મુબારક નામોની યાદી.

રાજવંસીઓ તરફથી મળેલો આશ્રય.

૨૫	નેકનામદાર પાટવી કુમારશ્રી ભાવસિંહજી સાહેબ	પોરબંદર
૧૦	બાશ્રી ૭ સુંદરબા સાહેબ.	પોરબંદર
૧૦	બાશ્રી ૭ રામબા સાહેબ.	પોરબંદર
૧૦	કુમારશ્રી વિજયસિંહજી સાહેબ	પોરબંદર
૮	બાવા વાલા (વડીયા)	રાજકોટ રા. કોલેજ
૮	મુલવાજી (કોટડા)	,,
૫	ઠાકોરસાહેબ સુરસિંહજી.	વીરપુર (ખરેડી)
૫	વીરપુર કુમાર સાહેબ	રાજકોટ રા. કોલેજ
૫	કુમારશ્રી તખ્તસિંહજી	,,
૨	કુમારશ્રી વિજયસિંહજી (લાઠી)	,,
૨	શા. શવજી વિ. લવજી કામદાર	,,
૧	ઠા. મંગળજી ઝીણા છાપખાનાના કારકુન	પોરબંદર

પોરબંદર.

૧૦ બાવા કરશનદાશ બાળકદાશ.
૫ ગાંધી માણેકલાલ અમૃતલાલ.
૫ ઠ. જેરામ વિ. જાદવજી. માઈડિયરફ્રેન્ડ.
૫ શેઠ. મનજી દામજી.
૨ શેઠ. મુળજી ખીમજી.
૨ ખવાસ જેઠા ગોવિંદ હજુરી.
૧ રા. રા. મુળશંકર વિ. આદીતરામ માંડાવ્ય.
૧ રા. રા. મણીશંકર અબાશંકર ઈ. સ્કુ. માસ્તર.
૧ રા. રા. વશતજી હીરજી વકીલ.
૧ શા. રવજી મોહોનજી.
૧ ઠા. રામજી વિ. કાળીદાશ.
૧ ઠા. ભગવાનદાશ પ્રાગજી.
૧ ઠા. સુંદરજી જાદવજી મવારા.
૧ ઠા, હીરજી વિ. રામજી.
૧ ઠા. શેઠ. વશનજી મુળજી.
૧ ઠા. પુરશોતમ ઓધવજી.
૧ ઠા. કરશનદાશ વિ. મુળજી,
૧ ઠા. કાળીદાશ વિ. લીલાધર.
૧ ઠા. મગન વિ. ગાંગજી.
૨ થાનકી ગોકલદાસ પરશોતમ.
૧ કંડોળીયા કામેશ્વર હરીશંકર.
૧ ગાંધી રામજી ડોસા.
૧ વિપ્ર સતજી નેણશી.
૧ લક્ષ્મીશંકર મુરારજી.
૧ ખવાશ કહાનજી પુંજા.
૧ કાળીદાશ કરશન દરજી.
૧ માગા ઝીણા સુતાર.
૧ કેશવ આલા ખારવા.
૧ ખત્રી ગોપાળજી મુળજી શોનેચી.
૧ ગાંધી રતનજી ઉકા.
૧ શોની જેચંદ મુરારજી.
૧ જોશી રામજી વિ. રવજી સં પા. વિદ્યાર્થી.

૧ શા. દેવીદાશ લક્ષ્મીદાશ ધ્રેવરીઆ.
૧ રા. રા. દેવશંકર ન્યાલચંદ.
૧ વાહાલજી સામજી સુતાર.
૧ દામોદર સામજી. સુતાર.
૧ શોની પીતાંબર વશનજી.
૧ શોની ત્રીભોવન ખેતશું.
૧ શેઠ સુંદરજી પ્રાગજી.
૧ શા. કપુરચંદ જેઠા.
૧ લીલાધર ચત્રભુજ ગીરનારા.
૧ ગણીશંકર મોહોનજી લત્રોડી.
૧ શાહ ઝવેરચંદ કેશવજી.
૧ શેઠ દેવીદાસ વેલજી.
૧ શાહ દેવચંદ વંદ્રાવન લાઈબ્રેરીયન
૧ શેઠ કેશવજી પરસોતમ ભાણુસાલી.

લોલાડા (ઝીંઝુવાડા થઈને)

૧ રૂગનાથ ભાણજી સ્કુલ માસ્તર.
૧ અમરલુલાલ હરજીવન મોનીટર.

ધરમપુર.

૧ મહારાણાશ્રી નારાયણ દેવજી પુસ્તકશાળા.

ધોરાજી

૧ પારેખ ઝવેરચંદ બોઘા મુખતીયાર વકીલ.
૧ મુળજી હીરજી તલગણા વહીવટદાર.
૧ રૂગનાથ સુંદરજી કારકુન.
૧ ગોપાળજી જેઠા.
૧ શેઠ પોપટભાઈ જુદા.
૧ શ્રી ૫ મીત્ર પ્રાગજી ઓઘા.

નવાગઢ.

૧ મનોરદાસ તારાચંદ પોલીસ કારકુન.
૧ શ્રી ૫ મીત્ર નથોતમદાસ તુલશીદાસ.

છાંયા.

૭ જેઠવા પુંજાજી વિ. ગોવાભાઈ. પો. રાણા ભાયાત.
૧ શેઠ. હર દાગજી.
૧ થાનકી ભીમજી કહાનજી.

ચોયાણુ.

૧ જેઠવા કહાનજી સામંતસિંહ.

મુંબઇ.

૧ વેદ ધર્મ સભા.
૧ ઈશ્વરગરજી વિ. આશાગરજી. ગુંસાઈ.
૧ મુળચંદ હરીકીશનદાસ. ગડીવાળા
૨ રા. રા. પ્રાગમલ લીલાધર.

કોચીન (મલબાર)

૨ કોઠારી દેવચંદ ચત્રભુજ.

લાખણકા.

૧ હરી વિ. મેરાગ. પરજીયા સોની સ્કુલ માસ્તર

વિરપુર.

૧ રા. રા. દયારામ પ્રેમજી. પ્રાઇવેટ માસ્તર.

લાઠી.

૧ રા. રા. મુળજી વજેરામ બા શ્રી વસ્તુખાના કામદાર.

પાટડી. (હાલ વીરમગામ.)

૧ રા. રા. કસ્તુરસાગર ઉર્ફે ભોગીલાલ બાલમુકનદાસ
પારેખ.

ભુજ.

૧૩ રા. રા. રતિલાલ બાપાલાલ દીવાનજી મારફત
(મુળ અમદાવાદ.)
૧ રા. રા. દુલેરામ ત્રીકમદાસ વ્હોરા.
૧ રા. રા. પ્રભુલાલ હરીશંકર ગોકડ.
૧ રા. રા. મુળશંકર દયાશંકર ધોળકીઆ.
૧ રા. રા. હરીલાલ આશાશંકર ધોળકીઆ.
૧ રા. રા. ઠાકરસિંહ કૃષ્ણવર્મા. ઉદેશી.
૧ રા. રા. રંગીલદાસ જટાશંકર આશા.
૧ રા. રા. કરશનદાસ લક્ષ્મીદાસ લાલુ ઠક્કર.
૧ રા. રા. કાશીરામ વજેશંકર અંતાણી.
૧ રા. રા. ગુલાબશંકર દુલેરાય. વ્હોરા.
૧ રા. રા. મુળશંકર મુકુંદજી. છાંયા.